dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year - 7 | Issue- 324 | AD - 2024, Shravan Vad - 11 | Thursday, Dt.29-08-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## અનેક સ્થળોએ પાણીમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ, અનેક રસ્તાઓ બંધ

# ભારે વરસાદથી રાજ્યમાં જળબંબાકારની સ્થિતિ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર પંથકના જિલ્લાઓમાં તો સાંબેલાધાર વરસાદ વરસતા લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં આજે પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જામનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વોર્ડ નંબર ૨માં આવેલા પુનિતનગર વિસ્તારમાં લોકોના ઘર ફરતે પાણી ફરી વળતા ૫૦ જેટલા લોકોનું રેસ્ક્યુ કરાયું હતું. રેસ્ક્યુ ટીમ સાથે ધારાસભ્ય રિવાબા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ખેડાના મહેમદાવાદના સિંહુજ પાસે પાણીના ધસમસતા પ્રવાહમાં કાર ફસાતા કારમાં સવાર પાંચ લોકોનું રેસ્ક્યુ કરાયું હતું. રાજ્યમાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિ અંગે વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી જરુરી માહિતી મેળવી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. રાહુલ ગાંધીએ પણ કોંગ્રેસી કાર્યકર્તાઓને પૂરગ્રસ્ત લોકોની મદદ કરવા અપીલ કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ સમગ્ર ગુજરાતને ધમરોળ્યું છે. પોરબંદરના રાણાવાવમાં ૧૨ ઈંચ વરસાદ વરસ્યો છે તો પોરબંદરમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જેના પગલે જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે.



પોરબંદરના ઘેડ પંથકમાં ઘોડાપૂર આવ્યું છે. કુતિયાણાથી ગરેજ ગામે ભાદરના પાણી પહોંચ્યા છે. ઘેડ પંથકના ૨૨ ગામોમાં પૂરના પાણી ઘૂસ્યા છે. કુતિયાણાનું કાસાબડ ગામ બેટમાં ફેરવાયું છે. સમગ્ર ઘેડ પંથક ભાદર અને ઓઝત નદીના ઘોડાપૂરથી બેટમાં ફેરવાયો છે. પંથકના ગામ બીજીવાર બેટમાં ફેરવાતા ખેડૂતોને મોટાપાયે નુકસાન થયુ છે.

પોરબંદરનું કુતિયાણા તાલુકાનું કાસાબડ ગામ બેટમાં ફેરવાયું છે. ભાદર અને ઓઝતમાં પાણીની આવક વધતા દરવાજા ખોલાયા હતા. કુતિયાણા તાલુકાના અનેક ગામો બેટમાં ફેરવાયા છે. ઘેડ અને કુતિયાણા પંથક ભારે વરસાદ છે. ભારે વરસાદને કારણે નદીઓ ગાંડીતૂર બની છે. નાળા અને વોકળા છલકાયા છે.

દ્વારકા જિલ્લામાં બારે મેઘ ખાંગા થયા હોય તેવી સ્થિતિ છે. ખંભાળિયા પંથકમાં આભ ફાટ્યા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખંભાળિયા, રામનાથ, તિરુપતિ અને સોનીબજારમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. જોધપુર ગેટ, રેલવે કોલોની, ધરમપુર સોસાયટીમાં પાણી ભરાયા છે. તો પોરબંદરથી રાવલ જતો સ્ટેટ હાઈવે ભારે વરસાદના કારણે બંધ કરાયો છે. રાવલની સરકારી હોસ્પિટલમાં પણ પાણી ઘૂસી જતાં હાલાકી સર્જાઈ છે. દ્વારકા જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૬૫ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. ભાણવડ અને બરડા પંથકમાં પણ ભારે વરસાદ ખાબક્યો છે. બરડા પંથકમાં ધોધમાર વરસાદથી ઘુમલી ગામમાં પાણીનો અવિરત પ્રવાહ જોવા મળી રહ્યો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. વડોદરામાં પણ મુશળધાર વરસાદના પગલે લોકો હાલાકીનો સામનો કરી રહ્યાં છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે આજવા સરોવરમાંથી ગઈકાલે પાણી છોડવામાં આવ્યુ હતું. આજે આજવા સરોવરમાંથી પાણી છોડવાનું બંધ કરાયું છે. આવક બંધ થઈ હોવા છતાં વિશ્વામિત્રી નદીનું જળ સ્તર વધતા લોકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

વડોદરાના વડસર, કલાલી, મુજ મહુડા, સયાજીગંજમાં પાણી ભરાયેલા છે. વેમાલી, હરણીમાં પણ પાણીનો ભરાવો થયો છે. **NDRF, SDRF**ની વધુ ટીમોની જરૂરિયાત ઉભી થઈ હોવા જેવી સ્થિતિ સર્જાઈ છે. પાણી ઓસરતા હજુ પણ સમય લાગે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હરણી મોટનાથ વિસ્તારમાં પણ ઘૂંટણસમા પાણી ભરાયેલા છે.

ભારે વરસાદના પગલે વડોદરાના અનેક વિસ્તારોમાં બે દિવસથી વીજ પુરવઠો ખોરવાયો છે. પીવાના પાણી વિના અનેક વિસ્તારોમાં લોકો ટળવળતા જોવા મળ્યા છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ ખૂટી રહી હોવાથી લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. સલામત વિસ્તારોમાં રહેતા સાગા સંબંધીઓ મદદ કરવા પહોંચી રહ્યા છે. પરંતુ પાણી ભરાયેલા હોવાના કારણે મદદ માટે જઈ શકતા નથી. તંત્ર મદદે આવી તેવી લોકો પુકાર કરી રહ્યાં છે.

રાજકોટ તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ૨૮ ઓગસ્ટ સવારે ૬ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર કરીને ૧૦૫ ટકા સુધી પહોંચ્યો છે.

રાજકોટ શહેરમાં આજે સવારે પણ ભારે પવન ફુંકાવાની સાથે અવિરત વરસાદ શરુ થતા ઠેરઠેર વૃક્ષ ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. રાજકોટ શહેરના આમ્રપાલી બ્રિજ ખાતે અને સર્કિટ હાઉસ પાસે વૃક્ષ ધરાશાયી થયાની ઘટના બની હતી. વૃક્ષ પડવાની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. રાજકોટમાં ચોથા દિવસે પણ વરસાદ વરસી રહ્યો છે જેના કારણે શહેરનો આજી ડેમ ઓવરફલો થયો છે. રાજકોટમાં થઈ રહેલા અવિરત વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા છે.

શહેરના પોપટપરા વિસ્તાર, લલુડી વોંકળી, આજી નદીના કાંઠાના વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે. નિચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. રાજકોટમાં આગામી ૭૨ કલાક ભારે વરસાદની આગાહીને પહેલે મિલિટરી ફોર્સ, રેસ્ક્યુ ટાસ્ક ફોર્સને બોટ, લાઈફ જેકેટ સહિતના સાધનો સાથે સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારમાં લોકોને રેસ્કયુ કરવા માટે ૬૦ જવાનોની ટુકડીને રાજકોટમાં સ્ટેન્ડ બાય રખાઈ છે.

## પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે એક ખાનગી ચેનલ પર વાતચીત કરતા કહ્યું

# એસસીઓ સમિટમાં ભાગ લેવા માટે પાકિસ્તાન ભારતને આમંત્રણ આપશે

(એ.આર.એલ), નવીદિલ્હી, તા.૨૮

ઈસ્લામાબાદમાં યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની પ્રાદેશિક સમિટમાં ભાગ લેવા માટે પાકિસ્તાન ભારતને આમંત્રણ આપશે. આ વર્ષે પાકિસ્તાન ઓક્ટોબરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની યજમાની કરવા જઈ રહ્યું છે. હાલમાં તેઓ કોન્ફરન્સની તૈયારીમાં વ્યસ્ત છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી એસસીઓ બેઠકમાં ભાગ નહીં લે તેવી અટકળો વચ્ચે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે એક ખાનગી ચેનલ પર આ નિવેદન આપ્યું છે. જ્યારે રક્ષા મંત્રી ખ્વાજા આસિફને પૂછવામાં આવ્યું કે શું પાકિસ્તાન એસસીઓ સમિટમાં ભારતીય વડાપ્રધાનને આમંત્રણ આપશે? આના પર આસિફે કહ્યું, હા, તેમાં ચોક્કસપણે કોઈ શંકા હોવી જોઈએ નહીં. આસિફે એમ પણ કહ્યું કે ભારતે જુલાઈ ૨૦૨૩માં પ્રાદેશિક સમિટની યજમાની કરી ત્યારે તત્કાલિન વિદેશ મંત્રી




બિલાવલ ભુટ્ટો ઝરદારીને આમંત્રણ આપ્યું હતું. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) એ યુરેશિયન રાજકીય, આર્થિક, આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ સંસ્થા છે. જો કે તેની સ્થાપના વર્ષ ૨૦૦૧માં ચીન અને રશિયા દ્વારા કરવામાં આવી હતી, જે હવે વિશ્વની સૌથી મોટી પ્રાદેશિક સંસ્થા બની ગઈ છે. ૯ જૂન ૨૦૧૭ના રોજ અસ્તાનામાં ઐતિહાસિક સમિટમાં ભારત અને પાકિસ્તાન સત્તાવાર રીતે **SCO**માં સંપૂર્ણ સભ્યો તરીકે જોડાયા હતા. એસસીઓ યુરેશિયાના લગભગ ૮૦% વિસ્તાર અને વિશ્વની ૪૦% વસ્તીને તેની સરહદોની અંદર આવરી લે છે. એસસીઓના ૯ સભ્ય દેશો છે - ચીન, ભારત, પાકિસ્તાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, ઈરાન અને ઉઝબેકિસ્તાન. ઈરાન વર્ષ ૨૦૨૩માં તેનું સભ્ય બન્યું. અફઘાનિસ્તાન, બેલારુસ અને મંગોલિયા નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે.







# પંજાબમાં જમીન અધિગ્રહણના વિરોધમાં ખેડૂતો રસ્તા પર ઉતર્યા

ચંડીગઢ, તા.૨૮

પંજાબના માલેરકોટલામાં જમ્મુ-કટરા એક્સપ્રેસ વે માટે જમીન અધિગ્રહણના મુદ્દે ખેડૂતો અને પંજાબ પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. ખેડૂતોના સંગઠન ભારતીય કિસાન યુનિયન (ઉગ્રાન) સાથે જોડાયેલા ખેડૂતોએ પોલીસ બેરિકેડ તોડી નાખ્યા, ત્યારબાદ પોલીસકર્મીઓ અને ખેડૂતો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

અહીંના વહીવટીતંત્રે મંગળવારે જમ્મુ-કટરા એક્સપ્રેસ વે માટે જમીન સંપાદિત કરી હતી. આ પછી, બુધવારે ભારતીય કિસાન યુનિયન (ઉગ્રાન) ના સભ્યો વિરોધ કરવા આવ્યા અને કહ્યું કે વહીવટીતંત્રને બળજબરીથી જમીન સંપાદન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ખેડૂતોનો આરોપ છે કે એનએચએઆઈએ ખેડૂતોની જમીનના ભાવ બજારના ભાવ કરતા ઘણા ઓછા આપ્યા છે.

જમીન અધિગ્રહણ પર પંજાબ હરિયાણા હાઈકોર્ટની ટિપ્પણી બાદ ખેડૂતોએ વિરોધ શરૂ કર્યો છે. માલેરકોટલામાં ખેડૂત સંગઠન ભારતીય કિસાન યુનિયન દ્વારા મોરચો ખોલવામાં આવ્યો છે. ખેડૂત સંઘનું કહેવું છે કે ખેડૂતોની સંમતિ વિના તેમને જમીન પર કબજો કરવા દેવામાં આવશે નહીં.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

ગુરુવાર, તા.૨૯-૦૮-૨૦૨૪

# રાજુલામાં વરસતા વરસાદમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

રાજુલા, તા.૨૮

રાજુલામાં વરસતા વરસાદની વચ્ચે શોભાયાત્રા બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરેથી શરૂ કરવામાં આવી હતી. જ્યાં સંતોના હસ્તે શોભાયાત્રાનું પૂજન કરીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. પ્રથમ મટકી સ્વામિનારાયણ મંદિરે ફોડવામાં આવેલ. આ શોભાયાત્રામાં



પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરે હાજરી આપી અને દર્શનનો લાભ લીધો હતો. રાજુલા શહેરના વિવિધ માર્ગો પર આ શોભાયાત્રા પસાર થઈ હતી. આ શોભાયાત્રામાં આકર્ષક ફ્લોટ, ધમાલ નૃત્ય, રાસ-ગરબા તેમજ ટ્રેક્ટરોમાં વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા શુધ્ધ ઘીના શીરાની પ્રસાદી આપવામાં આવેલ અને આ શોભાયાત્રામાં હીરાભાઈ સોલંકી પણ હાજર રહ્યા હતા.

# વડીયા સુરવો ડેમ ઓવરફ્લો : નવા નીરના વધામણા વચ્ચે સાવચેતીના પગલાં

વડીયા, તા. ૨૮

સતત ત્રણ દિવસના અવિરત વરસાદને કારણે વડીયા સુરવો-૧ ડેમ ઓવરફ્લો થયો છે. આજે સવારે ડેમના બે દરવાજા દોઢ ફૂટ ખોલવામાં આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં વડીયામાં ૧૫૨ મિમી વરસાદ નોંધાયો છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ



વેકરીયાએ સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કાર્યપાલક ઈજનેર વાઝા, મામલતદાર, પોલીસ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આથી નીચાણવાળા વિસ્તારના રહેવાસીઓને સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે.

# ધામેલ ગામે ઝેરી જીવજંતુ કરડતાં યુવકનું સારવારમાં મોત

**ખેતીકામ કરતી વખતે ઘટના બની હતી**

દામનગર, તા.૨૮

દામનગરમાં ખેતીકામ કરતી વખતે એક યુવકને ઝેરી જીવજંતુ કરડી જતાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે પ્રવિણસિંહ નાથુભા ગોહિલ (ઉ.વ.૫૧) એ જાહેર કર્યા મુજબ, દશરથશિંહ નાથુભા ગોહિલ (ઉ.વ.૩૬) ખેતીની જમીનમાં ખેતીકામ કરવા ગયા હતા. આ વખતે ડાબા પગે ઝેરી જીવજંતુ કરડી જવાથી ઝેરી અસર થતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.વી. મજીઠીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં જન્માષ્ટમી નિમિત્તે દોશી પરિવાર દ્વારા ગૌશાળામાં સેવાકાર્ય

અમરેલી, તા. ૨૮

જન્માષ્ટમીના પર્વ નિમિત્તે વલ્લભીપુર નિવાસી સ્વ. હર્ષદરાય પૂનમચંદ દોશીની ૧૫મી પુણ્યતિથિ પ્રસંગે તેમના પરિવાર દ્વારા પાંજરાપોળના ગૌમાતા, ગૌવંશ અને અન્ય પશુઓને કપાસિયા ખોળ, ગોળ, મકાઈબુટ્ટી અને કપાસિયા ક્રોતરી સહિત અંદાજે રૂ. ૨૮,૮૦૦ની કિંમતનું



ભોજન ખવડાવવામાં આવ્યું. આ સેવાકાર્ય હિંમતભાઈ ધાનાણી (મોણપુર)ના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ ઉપરાંત, યુ.એસ.એ.થી પ્રફુલાબેન અશોકભાઈ કાબરીયા તરફથી રૂ. ૧૧,૧૦૧, સોનલબેન હાર્દિકભાઈ છગ તથા હેતવી, બંસી, વનિતાબેન તરફથી રૂ. ૩૦,૦૦૦, અલ્લુભાઈ પૂનાભાઈ ગજેરા મોણપુર તરફથી રૂ. ૫,૧૦૦, નિર્મળાબેન ખાખરીયા તરફથી રૂ. ૧,૧૧૧, ઈન્દિરાબેન બોસમિયા તરફથી રૂ. ૫૦૦નું દાન પ્રાપ્ત થયું.

# માળીલા ગામે રેલવે ફાટક પાસેથી દારૂથી ભરેલી ઈનોવા ઝડપાઈ

**રૂ.૧૨.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૨૮

અમરેલીના માળીલા ગામના રેલવે ફાટક પાસેથી પોલીસે દારૂ ભરેલી ઈનોવા ઝડપી પાડી હતી. જેમાં વિવિધ બ્રાંડની બોટલો, મોબાઈલ તથા ઈનોવા મળી કુલ ૧૨,૫૨,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. લાલજીભાઈ જગાભાઈ રાઠોડ ઉ.વ.૨૫ ધંધો-ખેતી રહે.તેલમ્પર તા.ઉના જી.ગીરસોમનાથ, સંજય હીમતભાઈ વાંઝા રહે.લામધાર તા.ઉના જી.ગીરસોમનાથ તથા પાઈલોટીંગ કરનાર અરમાન અમીનભાઈ બલોચ ઉ.વ.૨૪ રહે. ભાચા તા.ઉના જી.ગીરસોમનાથ ઉપરોક્ત સ્થળેથી પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો.

# વાંકિયા ગામમાં સામાજિક સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ : સિદ્ધેશ્વર મહાદેવ મંદિરની સફાઈ

વાંકિયા, તા.૨૮

આજે વાંકિયા ગામના પ્રખ્યાત સિદ્ધેશ્વર મહાદેવ મંદિર (શીતળાઈ) ખાતે સેવા સંગઠન વિકાસ મંડળના યુવાનો દ્વારા વ્યાપક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શ્રાવણ માસ દરમિયાન હજારો શ્રદ્ધાળુઓના આકર્ષણનું કેન્દ્ર બનતા આ મંદિરને સ્વચ્છ અને સુંદર રાખવાના પ્રયાસ



રૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. થોડા દિવસ પહેલા ટીમે મંદિર પરિસરમાં ઘાસની દવાનો છંટકાવ કર્યો હતો.

# સાતમ આઠમનો તહેવાર કરવા આવેલા યુવકનું હાર્ટએટેકથી મોત

સાવરકુંડલા, તા.૨૮

સૌરાષ્ટ્રમાં સાતમ આઠમનું ઘણું મહત્વ છે. આ તહેવાર માટે અમદાવાદ, સુરતથી મોટી સંખ્યામાં લોકો માદરે વતન આવે છે. આ દરમિયાન સાવરકુંડલામાં સાતમ આઠમનો તહેવાર કરવા આવેલા એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હતું. બનાવ અંગે હરેશભાઈ મધુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૯)એ જાહેર કર્યા મુજબ, મનસુખભાઈ મધુભાઈ ચૌહાણ (ઉ.વ.૪૬) સાતમ આઠમનો તહેવાર કરવા આવ્યા હતા. તેને હાર્ટ એટેકનો હુમલો આવતાં મરણ પામ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ એચ. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના અમરાપરામાં કૃષ્ણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

બાબરા, તા. ૨૮

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપરા ગામમાં આવેલા રામજી મંદિરમાં કૃષ્ણ જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. મંદિરના પૂજારી મનિષભાઈ અગ્રાવત અને તેમની ટીમે મંદિરને આકર્ષક રીતે શણગાર્યું હતું. આ કાર્યમાં ખોડિયાર મંદિરના મહંત વિજય બાપુ, પ્રકાશ બાપુ,



સુરેશભાઈ, બાબુભાઈ અને ભરત બાપુએ પણ સક્રિય યોગદાન આપ્યું હતું. ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

# જિલ્લામાં સાતમ-આઠમ પર ૧૫૦થી વધુ શકુનીના પાસા પોલીસે અવળા પાડ્યા

અમરેલી, તા.૨૮

સૌરાષ્ટ્રમાં સાતમ આઠમ પર જુગાર રમવાની પ્રથા છે. જોકે આ પ્રથા કયારથી ચાલુ થઈ તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. આ દરમિયાન અમરેલી જિલ્લામાં પોલીસે જુગાર રમતાં ઈસમો પર ધોંસ બોલાવી હતી.

જિલ્લામાં બે દિવસમાં વિવિધ સ્થળેથી મળીને ૧૫૮ જુગારી પોલીસ ઝપટે ચડ્યાં હતા. ડુંગર ગામે મોટા વણકર વાસમાં રામદેવપીરના મંદિર પાસેથી ૧૦ ઈસમો રોકડા ૧૦,૬૪૦ સાથે ઝડપાયા હતા, જ્યારે એક ફરાર થઈ ગયો હતો. અમરેલી બહારપરામાં બે સ્થળેથી ત્રણ પુરુષો તથા ૧૧ મહિલાઓ રોકડા ૧૬,૫૦૦ સાથે, દામનગરમાંથી છ પુરુષો રોકડા ૧૦,૨૦૦ સાથે, રામપરા-૨ ગામેથી ૯ જુગારીઓ રોકડા ૧,૦૨,૯૫૦ સહિત ૧,૯૮,૯૫૦ના મુદ્દામાલ સાથે, કોટડાપીઠા ગામેથી પાંચ ઈસમો રોકડા ૧૨,૪૫૦ સાથે, ગરણી ગામેથી છ ઈસમો રોકડા ૧૦,૮૦૦ સાથે, હિંડોરણા ગામેથી પાંચ શખ્સો રોકડા ૧૮૭૦ સાથે, વડલી ગામેથી ૧૭ ઈસમો રોકડા ૧,૨૭,૩૬૦ સહિત કુલ ૮,૨૯,૩૬૦ના મુદ્દામાલ સાથે, રાજુલામાંથી ૯ ઈસમો રોકડા ૧૨,૧૭૦ સાથે, જુની કાતર ગામેથી ૮ ઈસમો રોકડા ૧૪,૦૮૦ સાથે, પીપળવા ગામેથી ૬ શખ્સો રોકડા ૧૧,૩૩૦ સાથે, લાઠી ટાઉનમાંથી ૪ ઈસમો રોકડા ૩૭૪૦ સાથે, સાવરકુંડલામાંથી ૪ શખ્સો રોકડા ૧૧,૬૫૦ સાથે, વિજપડી ગામેથી ૮ ઈસમો રોકડા ૧૧,૫૫૦ સાથે, વિકટર ગામેથી ૫ ખેલી રોકડા ૧૦,૧૯૦ સાથે, લોન કોટડા ગામના પાદરમાંથી ૬ ઈસમો રોકડા ૧૩,૨૫૦ સાથે, ઠવી ગામના બસ સ્ટેશન પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં ૫ ઈસમો રોકડા ૧૦,૮૭૦ સાથે, ફીફાદ ગામેથી ૭ ઈસમો રોકડા ૧૪,૪૩૦ સાથે, નવા આગરીયા ગામેથી ૭ ઈસમો રોકડા ૧૦,૫૨૦ સાથે, જાબાળ ગામેથી ચાર શખ્સો રોકડા ૧૧,૦૫૦ સાથે, લુવારીયા ગામેથી ૯ શખ્સો રોકડા ૩૧,૬૦૦ સાથે, લીલીયામાંથી ચાર ઈસમો રોકડા ૪૦૬૦ સાથે ઝડપાયા હતા.

# સાવરકુંડલામાં શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરનો ૯૬મો વાર્ષિકોત્સવ ઉજવાયો

સાવરકુંડલા, તા.૨૮


સાવરકુંડલા શહેરમાં આવેલા શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે ૯૬મા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભાવનગર ગોહિલવાડ સ્ટેટના યુવરાજ જયવીર રાજસિંહજી ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે મહારાજ સાહેબની પ્રતિકૃતિનું અનાવરણ કરવામાં




તસવીર : સૌરભ દોશી

આવ્યું. સમારોહમાં અન્ય મહત્વપૂર્ણ મહેમાનોમાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના દિપકભાઈ શેઠ સામેલ હતા. સ્થાનિક નેતૃત્વમાં સાવરકુંડલા શહેર અને તાલુકા ભાજપ પ્રમુખો તેમજ નગરપાલિકા પ્રમુખ હાજર રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?





મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# કૌશિક વેકરીયાના પ્રયત્નોથી જીથુડી ગામે ૨.૫૦ કરોડના ખર્ચે ચેકડેમ અને તળાવો ભરાશે

અમરેલી, તા.૨૮

કુંકાવાવ તાલુકાના જીથુડી ગામને સૌની યોજના સાથે ખાસ કિસ્સામાં જોડી રૂા. ૨.૫૦ કરોડનું કામ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના પ્રયત્નોથી મંજૂર થયુ છે. જીથુડી ગામની વર્ષો જુની માંગણી હતી કે સૌની યોજના હેઠળ ગામના ચેકડેમ અને તળાવો ભરવામાં આવે જેથી



પાણીનાં તળ ઉંચા આવે અને ખેડૂતોને સીધો ફાયદો થાય. લાંબા સમયની માંગણીને કૌશિકભાઈ વેકરીયાએ જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાને રજૂઆત કરતા ખાસ કિસ્સામાં ૨.૫૦ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખી ચેકડેમ ભરવાના કામને મંજૂરી આપવામાં આવી છે અને ટુંક સમયમાં આ કામની પ્રક્રિયા પણ શરૂ થશે. ગ્રામજનોએ કૌશિકભાઈ વેકરીયાના પ્રયત્નોને વધાવી આભાર વ્યકત કર્યો હતો.

# રાજુલા-પીપાવાવ વચ્ચે લોકો પાયલોટની સતર્કતાને કારણે પાંચ સિંહ બચાવી લેવાયા


અમરેલી, તા.૨૮

ભાવનગર રેલવે મંડળના લોકો પાયલોટ ભૂપેન્દ્ર મીણાની સતર્કતાના કારણે પાંચ સિંહોને ટ્રેનની અડફેટે આવતા બચાવી લેવાયા હતા. રાજુલા-પીપાવાવ સેકશન વચ્ચે વન વિભાગના કર્મચારીઓએ ખતરાના સંકેત દર્શાવ્યા બાદ લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી લીધી અને જોયું તો એક પછી એક પાંચ સિંહો રેલવે ટ્રેક ઓળંગી રહ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ ટ્રેન મેનેજરને કરાતાં વનવિભાગ દ્વારા ટ્રેક સાફ થયાના સિગ્નલ બાદ ટ્રેનને આગળના સ્ટેશન તરફ લઈ જવામાં આવી હતી. લોકો પાયલોટની સતર્કતાને કારણે પાંચ સિંહનો બચાવ થતાં સિંહપ્રેમીઓમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી.

# સાવરકુંડલાનાં હાથસણી રોડ ઉપર સ્વીફ્ટ કાર સળગી ઉઠતાં બે લોકો આગમાં ભડથું

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલાનાં હાથસણી રોડ ઉપર ગેસ ગોડાઉન પાસે સ્વીફ્ટ કાર અચાનક નાળા સાથે ધડાકાભેર અથડાઈ આગ લાગતાં ૨ વ્યકિતઓ કારમાં જ સળગીને ભડથું થઈ ગયા હતા. સાવરકુંડલાનાં હાથસણી રોડ ઉપર ગુજરાત ગેસ ગોડાઉન પાસે સ્વીફ્ટ કાર નં. જી.જે.૧૪ બીએ. ૮૩૩૫ અચાનક જ નાળા સાથે અથડાઈ હતી. ત્યારબાદ કાર પલટી ખાઈ હતી જેનાં કારણે કારમાં આગ લાગતા



વિરલભાઈ હેલેયા રહે. મોટા ઝીંજુડા તથા અનિલભાઈ જીવાભાઈ કટારીયા રહે. સાવરકુંડલાનું ઘટના સ્થળે જ આગમાં મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયર ફાઈટર ટીમે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

# લુણસાપુર ગામે યુવકે ગળાફાંસો ખાધો

જાફરાબાદ, તા.૨૮

લુણસાપુર ગામે રહેતા માણંદભાઈ પુંજાભાઈ વાઢેર (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર મુકેશ (ઉ.વ.૧૯) છેલ્લા ૧૦ દિવસથી બીમાર અને ગુમસુમ રહેતો હતો. તે નિમાણો રહેતો હતો અને બીમારીની દવા લેવા છતાં સારું થતું નહોતું. જેથી કંટાળી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ વાલાભાઈ વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના દુધાળા ગામે ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગનું સાંસદો અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં લોકાર્પણ

લાઠી, તા.૨૮

લાઠી તાલુકાના દુધાળા ગામે ૧૪ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, અમરેલીના લોકસભા સાસંદ ભરતભાઈ સુતરીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ઉપસ્થિત રહ્યા હતા. લાઠી બાબરાના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લાઠી અને



બાબરા પંથકમાં અનેક વિકાસની હારમાળા સર્જી છે ત્યારે લાઠીના દુધાળા લાઠી ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સીડીપી યોજના હેઠળ ૧૪ લાખના ખર્ચે થયું હતું. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા, તાલુકા વિકાસ અધિકારી એમ.એસ. શિરોયા, તલાટી કમ મંત્રી આર.બી. હેરમા તેમજ ગ્રામ્ય પંચાયતના સદસ્યો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં વધુ ૪ સ્થળેથી ૨૨ જુગારી ઝડપાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં વધુ ચાર સ્થળેથી પોલીસે ૨૨ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. લીલીયામાંથી છ ઈસમો રોકડા ૧૦,૫૯૦ સાથે, વાશીયાળી ગામે હનુમાનજીના મંદિર સામે પીપળા વાળી શેરીના નાકા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં સાત ઈસમો રોકડા ૭,૦૭૦ સાથે, ધારી હીમખીમડીપરામાંથી છ શખ્સો રોકડા ૨૦,૪૫૦ સાથે તથા નારાયણનગરમાંથી નવ ઈસમો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૧,૦૮૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન ઝડપાયા હતા. પોલીસે કુલ મળીને ૫૯,૧૯૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## જાફરાબાદમાં ગેરેજના ધંધાર્થીને ઢીકાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૨૮

જાફરાબાદમાં રહેતા અને ગેરેજનો ધંધા કરતા મહેશભાઈ સોમાભાઈ બારૈયા (ઉ.વ.૪૫)એ ગોપાલ રામભાઈ બાંભણીયા, વિજય કાનાભાઈ બાંભણીયા, અજય શુકરભાઈ બાંભણીયા, રાકેશ બાબુભાઈ ભાલીયા, સાગર રામભાઈ બાંભણીયા સહિત ચાર મહિલાઓ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરની બાજુમાં એક માટીનો ઢોરો હતો. તેમાંથી આરોપીઓ માટી લઈ જતા હોવાથી આ બાબતે મામલતદારમાં અરજી આપી હતી. જે અંગે માટીનો સર્વે થયો હતો. જેને લઈ આરોપીઓને સારું નહીં લાગતાં અવારનવાર બોલાચાલી અને ઝઘડો કર્યો હતો.

ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો, તેમજ જાનથી મારી નાખવાની ધમકી તથા ગાળો આપી હતી.

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનું)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

શ્રાવણ માસ સ્પેશ્યલ ઓફર
કોઈપણ 925 સિલ્વર જ્વેલરી ઉપર મેળવો 30 % ડિસ્કાઉન્ટ
અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...
શ્રીનાથજી જ્વેલર્સ (અમરાપુર વાળા) અંકિત સોની: 99257 57581 / 92650 95977 ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.
શાખા-૧ ચમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)
શ્રી શાખા-૨ ચમુના જ્વેલર્સ (અમરાપુર વાળા) વિરેન સોની: 98246 28370 હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA E-BIKE
अब पेट्रोल की टेंशन छोड़ो !
SPECIAL OFFER
OREVA E- BIKE
offer Prize 55,999/- Rs. 59,999/-
Alish
No RTO / PUC LICENCE PETROL POLLUTION REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

અટક બદલાવેલ છે
આથી હું રઈશ જુનેજ ઈસ્માઈલભાઈ
જાહેર કરૂ છુ કે મે મારૂ નામ રહીશ જુનેજ ઈસ્માઈલભાઈ
માંથી બદલાવીને રઈશ જુનેજ ઈસ્માઈલભાઈ (નવુ) કરેલ છે.
અને હવે પછીથી હું રઈશ જુનેજ ઈસ્માઈલભાઈ (નવુ)તરીકે
ઓળખાઈશ.
સહી: રઈશ જુનેજ ઈસ્માઈલભાઈ
એડ્રેસ: બટારવાડી, મેમણ કોલોની સામે,
ગામ: અમરેલી, જિલ્લો : અમરેલી- ૩૬૫૬૦૧

CHANGE OF NAME
I Undersigh I
SAIYAD PARVEZ RASHIDMIYA have changed
my name from SAIYED PARVEZ RASHIDMIYA To
SAIYAD PARVEZ RASHIDMIYA Now i will be known
as SAIYAD PARVEZ RASHIDMIYA

Sigh : SAIYAD PARVEZ RASHIDMIYA
Address: KOLIVADA ROAD, AJMAT PIRNI SAME,
At. JAFRABAD, DIST. AMRELI- 365540

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# જન્માષ્ટમી નિમિત્તે આં.રાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા અમરેલીમાં ભવ્ય શોભાયાત્રા

અમરેલી, તા.૨૮

શ્રીકૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમીના પાવન પર્વના દિવસે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા સવારના ૦૮:૦૦ કલાકે રામેશ્વર મંદિર સરદાર ચોકથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કલેકટરના હસ્તે કરવામાં આવેલ. આ શોભાયાત્રામાં લગભગ ૪૦ જેટલા ટ્રેકટર અને વાહનો શણગારીને હિન્દુ ધર્મના દરેક સમાજ અને દરેક સંસ્થાના સાધુ સંતો દ્વારા અવનવા કાર્યક્રમો બનાવી ભગવાનની ઝાંખી સાથેના ફલોટ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ શોભાયાત્રા શહેરભરમાં ફરી અને ઠેકઠેકાણે બજરંગ દળના કાર્યકરો દ્વારા મટકી ફોડનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાત્રે ૯:૦૦ કલાકે રાધા-કૃષ્ણ વેશભૂષાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૦૮ બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધેલો તેમાં દરેક બાળકોને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરેલા. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવીણભાઈ તોગડિયાએ હજારો લોકોની મેદનીને હિન્દુ ધર્મ વિશે અને જન્માષ્ટમી પર્વ વિશે માહિતી આપી હતી અને તેમની સાથે રાષ્ટ્રીય મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, મનસુખભાઈ રૈયાણી, વિભાગ અધ્યક્ષ ડો. કિરીટભાઈ દેસાણી, જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી, એડવોકેટ ફોરમ, અધ્યક્ષ દડુભાઈ ખાચર, જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા, દિલીપભાઈ બામટા, મજબૂતસિંહ બસીયા, નિલેશભાઈ ડાયાણી તેમજ દુલાભાઈ દેસાઈ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના તમામ કાર્યકર્તા ભાઈઓ આ ધર્મસભામાં જોડાયા હતા. ડો. પ્રવીણભાઈ તોગડીયા દ્વારા વિવિધ સમાજના આગેવાનો અને સંસ્થાઓના આગેવાનો, સરકારી વકીલ ચંદ્રેશભાઈ મહેતાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા સહિત વેપારી મંડળના તમામ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.



# સાવરકુંડલામાં શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલા દેવળા ગેઈટ ખાતે શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ દ્વારા ભવ્ય અને દિવ્ય રીતે જન્માષ્ટમી ઉત્સવ ઉજવાયો હતો. જેમાં ૨૪ ઓગસ્ટ, શનિવારે સાંજે ૫:૦૦ કલાકે ઠાકોરજીનું ભવ્ય આગમન થયું હતું. જેમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રવિવારે રાત્રે ૯:૩૦ કલાકે યોજાયો હતો. જ્યારે અન્નકુટના દર્શન ૨૬ ઓગસ્ટે સાંજે ૪ કલાકે યોજાયા હતા અને ઠાકોરજીનું ભવ્ય પૂજન ૨૬ ઓગસ્ટે સવારે ૧૦:૩૦ કલાકે યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમ કબીર ટેકરીના મહંતશ્રી પૂ. નારાયણદાસ સાહેબજીની અધ્યક્ષતામાં યોજાયો હતો. હરીહર ડાન્સર્સ ગૃપ-અમરેલી દ્વારા કૃષ્ણ સંગ મહારાસની ઝાંખી સમગ્ર ગુજરાતનો સર્વ પ્રથમ શો પણ યોજાયો હતો, જે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# મોરઝરની સીમમાં વાડીએ ઓરડીનું તાળું તોડી રૂ. ૧.૩૪ લાખની ચોરી

ચલાલા, તા.૨૮

ચલાલાના મોરઝર ગામે વાડીએ ઓરડીનું તાળું તોડી સોનાના ઘરેણા સહિત ૧,૩૪,૨૫૩ રૂપિયાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો ઓટો રીક્ષામાં બેસી નાસી ગયા હતા. બનાવ અંગે હરેશભાઈ હિંમતભાઈ સોલંકી (ઉ.વ.૩૪) એ અજાણ્યા ચોર ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ મોરઝર ગામની સીમમાં દીનુભાઈ પુરોહિતની વાડીએ પરિવાર સાથે રહી મજૂરીકામ કરે છે. તે વાડીએથી તા.૨૩/૦૮/૨૪ ના રોજ પરિવાર સાથે તેના સંબંધીને ઘરે છતડીયા ગામે ગયા હતા. આ સમયે અજાણ્યા ચોર ઈસમોએ વાડીમાં ઝાંપલી ખોલીને ઓરડીના દરવાજે મારેલ તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. પતરાની પેટીનો નકુચો તોડીને સોનાના વિવિધ ઘરેણા મળી કુલ.રૂ.૧,૩૪,૨૫૩ની ચોરી કરી ઓટો રીક્ષામાં બેસી નાસી ગયા હતા.

# નાના ભંડારીયામાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી: શોભાયાત્રા સાથે ગામમાં ઉત્સાહનું વાતાવરણ

નાના ભંડારીયા, તા.૨૮



નાના ભંડારીયા ગામમાં જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પવિત્ર અવસર પર ગામના રામજી મંદિરમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં માખણ-મિસરી અને પંજીરીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શોભાયાત્રા હતી, જેમાં ભગવાન દ્વારકાધીશ અને કાળિયા ઠાકોરની મૂર્તિઓને હાથી, ઘોડા અને પાલખી સાથે ગામમાં ફેરવવામાં આવી. ગોવાળિયાઓના વેશમાં સજ્જ ભક્તોએ આ યાત્રામાં ભાગ લીધો હતો, જે આખા ગામમાં ફરી હતી. શોભાયાત્રા દરમિયાન પરંપરાગત મટકી ફોડ અને દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ધારીના સરસીયા ગામે મહિલાએ મહિલાના વાળ ખેંચી ઢીકાપાટુ માર્યા

ધારી, તા.૨૮

ધારી તાલુકાના સરસીયા ગામે એક મહિલાએ બીજી મહિલાના વાળ ખેંચીને ઢીકાપાટુ માર્યા હતા. લક્ષ્મીબેન હિંમતભાઈ માથાસુળીયા (ઉ.વ.૩૦)એ ગોગનભાઈ માથાસુળીયા તથા ચંપાબેન ગોગનભાઈ માથાસુળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરાએ આરોપીના સીસીટીવી કેમેરા તોડી નાખ્યા હોવાથી આરોપીએ તેમના દીકરાને માર મારતા હતા જેથી તેઓ સમજાવવા જતાં ગાળો આપી લોખંડના પાઈપ વડે માથામાં બે ઘા મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ચંપાબેને તેમના વાળ પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના બાલાપુર ગામે વરસાદી પાણી ઉડવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યા

**સામસામી ફરિયાદ નોધાવી**

બગસરા, તા.૨૮

બગસરાના બાલાપુર ગામે વરસાદી પાણી ઉડવા મુદ્દે કુટુંબીજનોમાં ડખો થયો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે નિકુલભાઈ લાખાભાઈ સાગઠીયાએ રાજેશભાઈ હીંમતભાઈ સાગઠીયા, હિતેષભાઈ બાબુભાઈ સાગઠીયા, અજયભાઈ બાબુભાઈ સાગઠીયા, પાયલબેન બાબુભાઈ સાગઠીયા, ગુડીબેન બાબુભાઈ સાગઠીયા, દિવ્યેશભાઈ બાબુભાઈ સાગઠીયા તથા બાબુભાઈ પુનાભાઈ સાગઠીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું મોટર સાયકલ લઈને તેમની પત્ની, બાળકો સાથે મોટા બાપુજીના ઘરેથી તેમના ઘરે જતા હતા તે દરમ્યાન દિવ્યેશભાઈ સાગઠીયાના ઘર પાસે પહોંચતા સામેથી રાજેશભાઈ સાગઠીયા પોતાનું મોટર સાયકલ લઈને આવતા વરસાદનું પાણી ઉડતા ના પાડતા જેમ ફાવે તેમ બોલવા લાગ્યા હતા. જેનો અવાજ સાંભળી તેમની બાજુમાં રહેતા તેમના કૌટુંબિકે આવી તેમની તથા તેમના પત્ની સાથે બોલાચાલી કરી તેમના પત્નીનો હાથ પકડી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. તેમના પત્નીના વાળ ખેંચી પછાડી દઈ મૂઢમાર મારી ગાળો આપી હતી. ઉપરાંત હાથમાં લાકડી લઈ આવી તેમના પિતાને જમણા પડખાના ભાગે ઈજા કરી હતી. તેમજ તેની પત્નીની પાછળ-પાછળ જઈ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ દિવ્યેશભાઈ બાબુભાઈ સાગઠીયાએ નિકુલભાઈ લાખાભાઈ સાગઠીયા, લાખાભાઈ સોમાભાઈ સાગઠીયા, જયશ્રીબેન નિકુભાઈ સાગઠીયા, ચકુબેન લાખાભાઈ, મોનીકાબેન સાર્દુલભાઈ સાગઠીયા, ગોપાલભાઈ તથા કાર્તિકભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરની બહાર આવેલ ખુણે બેઠા હતા તે દરમિયાન તેમના ભાઈઓ સાથે બોલાચાલી કરી ગાળો આપી જતા રહ્યા હતા. અન્ય આરોપીએ આવી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, પોતાના હાથમાં રહેલી લાકડીનો માથાના ભાગે એક ઘા માર્યો હતો. આ સમયે પિતા વચ્ચે પડતા તેમને માર્યા હતા તથા નજીકમાંથી લાકડુ લઈ તેમના પિતાને મારવા જતા તેમના બહેન વચ્ચે પડતા વાળ પકડી નીચે પાડી દઈ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત તેમના બહેનનું ગળુ દબાવી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી. મૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વાવેરા ગામે વાપરવાના પૈસા આપવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

રાજુલા, તા.૨૮

રાજુલાના વાવેરા ગામે રહેતા શબ્બીરભાઈ મહેબુબભાઈ બેલીમ (ઉ.વ.૩૦)એ ફીરોજભાઈ મહેબુબભાઈ બેલીમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની પાસે વાપરવાના પૈસા માંગ્યા હતા. જેથી તેમણે થોડીવાર બાદ પૈસા આપવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

# ધારીના મોણવેલ ગામે મહિલાએ ઠપકો આપતાં જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૨૮

ધારીના મોણવેલ ગામે રહેતી એક મહિલાએ ઠપકો આપતાં તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે દક્ષાબેન મહેશભાઈ સોંદરવા (ઉ.વ.૩૦)એ ચતુરભાઈ બાબુભાઈ સોંદરવા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ફરિયાદી પોતાના ઘરે હાજર હતા તે દરમિયાન બાજુમાં રહેતા આરોપી ચતુરભાઈની નાની છોકરીઓ તેમના ઘર બહાર રમતા રમતા ગાળો બોલતી હતી. જેથી તેમણે ઠપકો આપતાં આરોપીએ જેમ ફાવે તેમ ગાળો બોલી, તેના હાથમાં રહેલી લાકડી વડે ડાબા પગે લાકડીના ત્રણ ઘા મારી દઈ તેમજ જમણા હાથે માર મારી મૂઢ ઈજા પહોચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ હિતેષભાઈ એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:અગિયારસ
તા. ૨૯-૦૮-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૫૭,
સૂર્યાસ્ત-૦૬:૪૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૯-૦૮-૨૦૨૪ ગુરૂવાર**

મેષ: આજે આવકના નવા સ્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે.

મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે. રાત્રિનો સમય પ્રિયજનોને આપશો.

કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે.

કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે.

# અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની ૩ ઘટના : બેનાં મોત, ત્રણ ઘાયલ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત છે. જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટનામાં ૨ લોકોના મોત થયા હતા, જ્યારે ૩ ઘાયલ થયા હતા. બરવાળા (બાવીશી) ગામે રહેતા જીતેન્દ્રભાઈ કાનજીભાઈ વિઠલાણી (ઉ.વ.૫૫) મોટર સાયકલ લઈને મોટા ભંડારીયા ગામના પાટીયા પાસેથીપત્ની તથા પુત્રી સાથે પસાર થતા હતા ત્યારે જીજે-૧૪-એકે-૬૪૯૬ના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમને ત્રણેયને ઈજા પહોંચી હતી. બીજા બનાવમાં મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના પુનીયાવાડના અને હાલ કેરીયાનાગસ સામે રહેતા રેમલબેન વિજયભાઈ ઉર્ફે રાજુ રેમલાભાઈ તોમર (ઉ.વ.૨૫)એ જીજે-૦૧-કેડી-૫૦૩૧ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ વિજયભાઈ તોમર પોતાના હવાલાવાળુ મોટર સાયકલ રજી.નં.MP-૧૩-EX-૭૨૧૬ લઈને અમરેલીથી કેરીયાનાગસ ગામ તરફ જતા બાયપાસ રોડે કેરીયા ચોકડી પાસે પહોચતા ફોર વ્હીલ ચાલકે પૂરઝડપે આવી ભટકાવતાં મોત નિપજ્યું હતું. લાઠીના પાડરશીંગા ગામે રહેતા વશરામભાઈ પાતાભાઈ બોળીયા (ઉ.વ.૩૨)એ શૈલેષભાઈ મોહનભાઈ બામણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના હવાલાનું હિરો કંપનીનું ડીલક્ષ રજી. નં. જી.જે.૨૩ ડીસી-૪૮૩ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મરણજનાર બીજલભાઈ હામાભાઈ બોળીયા રહે.પાડરશીંગા વાળાના મોટર સાયકલ સાથે ભટકાડી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું હતું.

# સાવરકુંડલામાંથી યુવકનો મોબાઈલ પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાવી ગયો

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં રહેતા એક ઈસમનો મોબાઈલ પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે ભાવેશભાઈ કાબાભાઈ ચાવડા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેઓ હાથસણી રોડ પરથી કરીયાણું લઈને જતા હોય ત્યારે મોટરસાયકલના હુકમાં ટીંગાડેલો ફોન ઘરે પહોચતા સુધીમાં ક્યાંક પડી ગયો હતો.

રૂ.૧૯,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.


## -// તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, ધારી //-

બ.ડે.રજી. નં.૭૧/૨૪ — નં.એમએજી/વશી/૨૪/૨૦૨૪
તા.૧૬/૦૮/૨૦૨૪

અરજદાર :-શ્રી રામજીભાઈ કરશનભાઈ પરમાર
રહે. મોટી ગરમલી, તા. ધારી, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, મોટી ગરમલી, તા.ધારી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,શ્રી રામજીભાઈ કરશનભાઈ પરમાર રહે. મોટી ગરમલી વાળાએ તેમના પિતા કરશનભાઈ ખીમાભાઈ પરમાર નું અવસાન તા.૦૪/૦૫/૧૯૯૯ નાં રોજ ધારી તાલુકાનાં મોટી ગરમલી મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩/૦૯/૨૦૨૪ના રોજ ૦૪-૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહિ
તાલુકા એકિઝકયુટીવ
મેજીસ્ટ્રેટ,ધારી

## //તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૪૩/૨૦૨૪

**અરજદાર** :- (૧) શ્રી ભાનુબેન વલ્લભભાઈ કાછડીયા, વા/ઓ વેકરીયા ભોળાભાઈ રહે. સુરત ૧૨૨, શાંતિ નિકેતન સોસાયટી, લજામણી ચોક, ધર્મજીવનની બાજુમા, મોટા વરાછા, સુરત.
(૨) અરજદારના વકીલશ્રી રાજુભાઈ બી. ખુમાણ
ઠે. ગણેશ કોમ્પલેક્ષ,મામલતદાર કચેરીની સામે, ઓફિસ નં.૧૧૩, મહુવા રોડ,સાવરકુંડલા

**સામાવાળા** :- તલાટી-કમ-મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, એકલેરા, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અરજદાર શ્રીભાનુબેન વલ્લભભાઈ કાછડીયા વા/ઓ વેકરીયા ભોળાભાઈએ પોતાનો જન્મ એકલેરા મુકામે તા.૦૩/૦૭/૧૯૬૯ રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મનોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભાનુબેન વલ્લભભાઈ કાછડીયા વા/ઓ વેકરીયા ભોળાભાઈએ તેમના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૯ થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦/૨૦૨૪ — તા.૧૨/૦૮/૨૦૨૪

વિવાદી :- શ્રી રસીકભાઈ મોહનભાઈ બોંઘાણી
રહે.કેરાળા તા.લાઠી
મો. ૯૫૩૭૭૧૦૧૭૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ. કેરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. કેરાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી રસીકભાઈ મોહનભાઈ બોઘાણી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ કેરાળા, તા. લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૭/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)


સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**તંત્રી લેખ**

# PM નરેન્દ્ર મોદી રશિયાના બ્રિક્સ સંમેલનમાં આમંત્રિત

યુદ્ધ ગ્રસ્ત યુક્રેનની મુલાકાત બાદ ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાની મુલાકાતે આગામી ૨૨ થી ૨૪ ઓક્ટોબર દરમિયાન જઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાની આ બીજી મુલાકાત સામે વિશ્વ આતુરતાપૂર્વક જોઈ રહ્યું છે. તેઓ રશિયામાં યોજાનારી બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા જઈ રહ્યા છે. ત્યાં ભારતનો પોતાનો અવાજ રજૂ કરશે. ભારતની એક ટીકા એવી કરવામાં આવી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલા રશિયા ગયા પછી પોલેન્ડ ગયા અને પછી પાછા યુદ્ધ ગ્રસ્ત દેશ યુક્રેન ગયા પરંતુ તેનું પરિણામ શું આવ્યું? શું યુદ્ધ અટકી ગયું? આવા સવાલો ઊભા કરવામાં આવ્યા હતા પરંતુ હવે જ્યારે વડાપ્રધાન ફરી એક વખત રશિયા જઈ રહ્યા છે અને આ માટે તેમને સન્માનપૂર્વક આમંત્રણ પણ આપવામાં આવ્યું છે ત્યારે વિપક્ષોની બોલતી બંધ થઈ ગઈ છે. રશિયામાં ભારતનું કોઈ માન નથી તે વાતનો આથી છેદ ઉડી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ૨૨-૨૪ ઑક્ટોબર દરમિયાન કાઝાનમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રિત કર્યા છે. જે તેના વિસ્તરણ પછી જૂથની પ્રથમ સમિટ હશે. બ્રિક્સ દેશોની મુખ્ય પહેલોનો હેતુ વેપાર, કૃષિ, આરોગ્ય, પરિવહન, ભૂસ્તરશાસ્ત્ર, સંસ્કૃતિ અને માનવતા તેમજ રમતગમતના ક્ષેત્રોમાં જૂથના સભ્ય દેશોના સહકારના મુખ્ય પરિણામોને એકીકૃત કરવાનો છે. તેમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અનાજ વેપાર પ્લેટફોર્મ બનાવવાનો રશિયાનો પ્રસ્તાવ, ન્યુક્લિયર મેડિસિન પર બ્રિક્સ કાર્યકારી જૂથની સ્થાપના, પરિવહન ક્ષેત્રે ક્રિયા પ્રતિક્રિયાની નિયમિત પદ્ધતિ શરૂ કરવા માટેનો કરાર, બ્રિક્સ ભૂસ્તરશાસ્ત્રીય પ્લેટફોર્મની રચના પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત BRICS ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ જેવા સાંસ્કૃતિક અને માનવતાવાદી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ટેલિફોનિક વાતચીત દરમિયાન, બંને નેતાઓએ જુલાઈમાં વડાપ્રધાનની મોસ્કોની મુલાકાત દરમિયાન થયેલા વેપાર કરારોના અમલીકરણ અંગે પણ ચર્ચા કરી હતી, બંને પક્ષોએ બ્રિક્સ સહયોગથી સંતોષ વ્યક્ત કર્યો હતો. રશિયામાં આ અંગે પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિકસ સંમેલનમાં ભાગ લેવા માટે રશિયા જશે. આ પહેલા રાજકારણ અને સુરક્ષા, અર્થતંત્ર અને નાણાં તેમજ સાંસ્કૃતિક અને માનવતાવાદી સંપર્કો સહિત સહકારના વિવિધ ક્ષેત્રોમાં ૧૩૦ થી વધુ ઈવેન્ટ્સ થઈ ચૂકી છે. ઝાખારોવના જણાવ્યા અનુસાર, નિઝની નોવગોરોડમાં બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠક સહિત અનેક ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજવામાં આવી છે, જ્યાં વૈશ્વિક દક્ષિણ અને પૂર્વના દેશો તેમજ પ્રાદેશિક સંગઠનોના પ્રતિનિધિઓની ભાગીદારી સાથે વિસ્તૃત સત્ર યોજવામાં આવ્યું હતું. મોસ્કોમાં બ્રિક્સના વિદેશ મંત્રીઓ સાથે બ્રિક્સને વધુ ગાઢ સહકાર અને પ્રોત્સાહન આપવાની સંભાવનાઓ પર ચર્ચા કરવા બેઠક યોજાઈ હતી. બ્રિક્સ દેશો સંયુક્ત રાષ્ટ્ર જેવા આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પણ સક્રિય રીતે સંપર્ક કરે છે. ઉદાહરણ તરીકે, નૈરોબીમાં છઠ્ઠી યુએન એન્વાયર્નમેન્ટ એસેમ્બલીમાં BRICS પ્રતિનિધિમંડળની સંયુક્ત ઘોષણા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# ધોલેરાના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં સ્થાનિક લોકોને રોજગારી મળે તેનો રોડમેપ તૈયાર



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગત સપ્તાહે ગુજરાતના મુખ્યમંત્રી ભાવનગરની મુલાકાતે આવી ગયા અને તેમણે કહ્યું કે ધોલેરામાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થપાશે. તેમાં ભાવનગરને પણ લાભ મળશે. આ સેમિકન્ડક્ટર ફેક્ટરીની સ્થાપના કરવાના ચક્રો ગતિમાન થઈ ગયા છે. રાજ્ય સરકાર વિકાસની એક નવી દિશામાં કામ કરી રહી છે તે આનંદની વાત છે. ધોલેરાના સેમિકન્ડક્ટર પ્લાન્ટની સ્થાપના કરવાથી ગુજરાતને ખૂબ મોટો લાભ થશે, નોકરીની નવી તકોનું સર્જન થશે. પરંતુ આ બાબતમાં જર્મની કેટલી ઝડપથી પગલા ભરે છે અને ત્યાંના લોકોને સીધી રોજગારી મળે તે માટે કેવા પ્રયાસો કરે છે તે જાણવું જરૂરી છે. ગુજરાત સરકારે પણ આ રીતે કુશળ મેનપાવર તૈયાર કરવાની દિશામાં આગળ વધવું જરૂરી છે.

વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર ચિપ્સ કંપનીનો એક વિરાટ પ્લાન્ટ જર્મનીના ડેસ્ટ્રોન શહેર નજીક સ્થપાઈ રહ્યો છે. તેનું બાંધકામ પણ શરૂ થઈ ગયું છે. બીજી બાજુ જર્મનીએ તેના અનેક વિદ્યાર્થીઓને તાઈવાનની કંપનીમાં ટ્રેનિંગમાં મોકલી દીધા છે જેથી કરીને આ પ્લાન્ટનો પાયલોટ પ્લાન્ટ શરૂ થાય તે પહેલા જ આ કંપનીમાં જર્મનીના કુશળ કારીગરોને રોજગારી આપી શકાય. આ રીતનું આયોજન ધોલેરા સરના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં શા માટે ન થઈ શકે? ગુજરાતના ખાસ કરીને ભાવનગર, અમરેલી વિસ્તારના એન્જિનિયરિંગના તથા કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ માટે સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં ટ્રેનિંગ માટે મોકલવા જરૂરી છે. કારણ કે ગુજરાતના યુવકો ટેલેન્ટેડ છે તેમને આની ટ્રેનિંગ આપીને જો તૈયાર કરવામાં આવે તો તેઓ અહીં આવીને ગુજરાતના બીજા લોકોને પણ ટ્રેનિંગ આપીને એક કુશળ વર્કફોર્સ તૈયાર કરી શકે. આ ઉપરાંત ભાવનગરની તથા અમરેલીની પોલિટેકનિક તથા એન્જિનિયરિંગ કોલેજમાં પણ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને લગતા કોર્સ શરૂ કરવાની તાત્કાલિક જરૂર છે જેથી કરીને ધોલેરા સરની ફેક્ટરીની અંદર કુશળ કારીગરો તાત્કાલિક મળી શકે અને સ્થાનિક લોકોને સૌથી વધુ રોજગારી મળી શકે. અહીં મોટાભાગના ઉદ્યોગો એવા સ્થપાય છે કે જેમાં પરપ્રાંતના લોકોને જ રોજગારી મળે છે અને ઘરના ઘંટી ચાટે છે. માટે સેમિકન્ડક્ટર અને માઈક્રોચિપ્સને લગતા કોર્સ શરૂ કરો તથા જ્યાં સેમિકન્ડક્ટર ફેક્ટરી છે ત્યાં આપણા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ માટે મોકલો તે આજની તારીખે ખૂબ જરૂરી છે. રાજ્ય સરકારે આ બાબતમાં પણ ધ્યાન આપવું જરૂરી છે. હવે આપણે જોઈએ કે જર્મનીમાં આ દિશામાં કેવી રીતે કામ થઈ રહ્યું છે. વિશ્વના સૌથી મોટા સેમિકન્ડક્ટર ચીપ્સના ઉત્પાદકોએ જર્મનીમાં તેનો સૌથી મોટો પ્લાન્ટ સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે. જેમાં જર્મનીના ઉદ્યોગપતિઓએ ખૂબ મોટું રોકાણ કર્યું છે. આ પ્લાન્ટ યુરોપનો સૌથી મોટો સેમિકન્ડક્ટર પ્લાન્ટ બનશે. આ પ્લાન્ટમાં પ્રાથમિક તબક્કામાં જ ૨૦૦૦ કરતાં વધુ લોકોને સીધી રોજગારી મળશે. જર્મનીના ડેસ્ટ્રોન શહેરની નજીક આ પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે. મહત્વની વસ્તુ એ છે કે જર્મનીની આમ પ્રજા જે કર ભરે છે. આ કરમાંથી આ ફેક્ટરીમાં યોગદાન આપવામાં આવશે. તાઈવાનની માઈક્રોચિપ ઉત્પાદક કંપની ટી એસ એમ સી કે જે વિશ્વની અંદર સૌથી મોટી માઈક્રોચિપ ઉત્પન્ન કરતી કંપની છે તે આ પ્લાન્ટની સ્થાપના કરી રહી છે. જે ત્રણ વર્ષમાં પૂરો થશે. જેમાં ૧૦ મિલિયન યુરો ડોલરથી વધુ ખર્ચ થશે. બર્લિન શહેર નજીક સિલિકોન સેક્શન તરીકે ઓળખાતા વિસ્તારમાં આ વિરાટ કંપનીની સ્થાપના કરવામાં આવી રહી છે. તેનું બાંધકામ ચાલુ છે. બર્લિન શહેરની સરકાર દ્વારા મહત્વપૂર્ણ જર્મન અને યુરોપિયન કાર તથા કોમ્પ્યુટર તથા અન્ય ઉદ્યોગોમાં વપરાતી માઈક્રોચિપનું મોટા પ્રમાણમાં અહીં ઉત્પાદન કરવામાં આવશે. આગામી પાંચ વર્ષની અંદર આ સેમિકન્ડક્ટર પ્લાન્ટ યુરોપનો સૌથી મોટો પ્લાન્ટ બની જશે. જર્મનીના મિડલ ઈસ્ટમાં હાલ લડાઈ ચાલી રહી છે. જેને કારણે સુએઝ નહેરમાંથી પસાર થતા જહાજોને ખૂબ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને તેને કેપ ઓફ ગુડ હોપના ખૂબ લાંબા સમુદ્રી માર્ગેથી યુરોપ સુધી પહોંચાડવામાં ખૂબ વધુ સમય લાગે છે ખર્ચો પણ વધુ લાગે છે અને આ માટે તાઈવાનથી યુરોપમાં માલ મોકલવો ખૂબ જ મુશ્કેલ બાબત બની છે આથી તાઈવાનની સૌથી મોટી કંપની જર્મનીમાં સૌથી મોટો સિલિકોન પ્લાન્ટ સ્થાપિત કરે છે. જર્મનીના ચાન્સેલર અને યુરોપિયન યુનિયન કમિશનના પ્રમુખ લાયન દ્વારા આ એમઓયુ કરવામાં આવ્યા હતા અને તે મુજબ આ વિરાટ પ્લાન્ટ અહીં સ્થાપવામાં આવી રહ્યો છે. જર્મન સરકારના ફેડરલ રાજ્યો અને સ્થાનિક ઉદ્યોગો તરફથી એને ખૂબ મોટો ટેકો મળ્યો છે. ૨૦૨૭માં આ કંપની કેવી દેખાશે તેની પરિકલ્પના કરવામાં આવી છે. ૨૦૧૭માં આ કંપની પૂર્ણ કક્ષાએ ઉત્પાદન શરૂ કરી દેશે. એમાં મોટાભાગના જર્મનીના લોકો કામ કરતા હશે. આપણા દેશમાં જે જે કંપની આવે છે તેમાં આપણા લોકોને રોજગારી ઓછી મળે છે કારણ કે તેની પાસે એટલું ટેકનિકલ નોલેજ હોતું નથી પરંતુ મેક ઈન ઈન્ડિયાનો કોન્સેપ્ટ સારી રીતે સાકાર કરવો હોય તો ભારતના જ લોકોને પૂર્ણ કક્ષાની તાલીમ આપીને એને જ સૌથી વધુ પ્રાધાન્ય આપવું જરૂરી છે. હવે એ જોઈએ કે તાઈવાનના સેમિકન્ડક્ટર ઉત્પાદકોને જર્મનીમાં પ્લાન્ટ નાખવાની જરૂર શા માટે પડી? યુરોપિયન યુનિયનના સમુદ્રી જહાજોને સુએઝ કેનાલમાંથી પસાર થવામાં ખૂબ મોટું જોખમ રહે છે. આ એક મોટો પડકાર છે તેનું નિવારણ કરવા માટે તાઈવાનની કંપની યુરોપમાં પોતાનો માલ સમુદ્રી માર્ગે મોકલવામાં ખૂબ મુશ્કેલી અનુભવે છે કારણ કે મીડલ ઈસ્ટમાં તથા રશિયા યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ જ છે આથી તાઈવાને જર્મનીની અંદર સૌથી મોટી માઈક્રોચિપ કંપનીની સ્થાપના કરી છે. આ પ્લાન્ટમાં જે મૂડી રોકાણ કરવામાં આવી રહ્યું છે તેમાંથી ૫૦% કરતા વધુ રકમ જર્મનીના ઈન્કમટેક્સ ભરતા લોકોના સહયોગથી પૂરી પાડવામાં આવી રહી છે. જર્મનીના કરદાતાઓ આ કંપનીમાં મોટા પાયે રોકાણ કરી રહ્યા છે. જેથી આ પ્લાન્ટ વહેલામાં વહેલી તકે કાર્યરત થઈ શકે. આ પ્લાન્ટ સ્થાપવાનો એક હેતુ એ છે કે હાલ સુએઝ નહેરની ક્રાઈસિસના કારણે યુરોપિયન સમુદ્રી જહાજોને ખૂબ મોટી મુશ્કેલી પડી રહી છે. આથી સેમિકન્ડક્ટરને લગતા પાર્ટ્સ તથા હાર્ડવેરને સમુદ્રી માર્ગે તાઈવાનથી યુરોપમાં પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે. પરંતુ જો આ પ્લાન્ટ જર્મનીમાં સ્થાપિત થાય તો આ મુશ્કેલી દૂર થાય અને યુરોપિયન દેશોને સેમિકન્ડક્ટર ચિપ્સ સહેલાઈથી ઓછા ખર્ચે અને ઝડપથી મળી શકે. આ પ્લાન્ટ શરૂ થાય તે પહેલા યુરોપિયન દેશોના સેમિકન્ડક્ટર ઉત્પન્ન કરતાં ઉત્પાદકો પણ જર્મનીમાં પોતાના પ્લાન્ટ સ્થાપવા માટે આગળ આવી રહ્યા છે જેમાં જર્મનીની બોસ અને ડચ ચીફ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની પણ જર્મનીમાં આવી રહી છે. હાલ જર્મનીના વિદ્યાર્થીઓ ફેક્ટરી ખાતે ઈન્ટર્નશિપમાં ભાગ લઈ રહ્યા છે અને ત્યાં તાલીમ લઈ રહ્યા છે જેથી જ્યારે જર્મનીમાં ફેક્ટરી કાર્યરત થાય ત્યારે આ લોકોને સીધી રોજગારી મળશે. જર્મનીના આવા ૨૦૦૦ જેટલા લોકોને તાઈવાનમાં ટ્રેનિંગ આપીને સીધી રોજગારી આપવામાં આવશે. તાઈવાન પર ચીન દ્વારા હુમલો થઈ શકે છે આથી આ વિરાટ કંપનીને જર્મનીમાં ખસેડવા માટેનો આ સફળ પ્રયાસ છે. એનો સૌથી મોટો લાભ જર્મન પ્રજાને પ્રાપ્ત થશે. ધોલેરાના સેમિકન્ડક્ટર પ્લાન્ટમાં પણ સ્થાનિક લોકોને સૌથી વધુ રોજગારી મળે તે માટે અહીં કુશળ મેન પાવરનું સર્જન કરવું હાલના તબક્કે જરૂરી છે.

**વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર કંપની ટી એસ એમ સી દ્વારા જર્મનીમાં યુરોપનો સૌથી મોટો પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે ત્યારે અત્યારથી જ જર્મન યુવકોને તાઇવાનની ફેક્ટરીમાં તાલીમ માટે મોકલવામાં આવી રહ્યા છે. જેથી જર્મન યુવકો ટેકનોલોજીમાં સર્વોત્તમ બને. ગુજરાતમાં આ મોડેલનો અમલ કરવાની જરૂર છે.**

# સેન્સેક્સ ૧૩ પોઈન્ટના વધારા સાથે ૮૧,૭૧૧ પર બંધ : નિફ્ટીમાં પણ ૭ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા.૨૮

૨૭ ઓગસ્ટે સેન્સેક્સ ૧૩ પોઈન્ટના વધારા સાથે ૮૧,૭૧૧ પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ ૭ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, તે ૨૫,૦૧૭ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૯ ઘટ્યા અને ૧૧ વધ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૧ ઘટ્યા અને ૧૮ વધ્યા. સૌથી વધારે લાભ મેળવનાર બજાજ ફિનસર્વ નિફ્ટીમાં ટોપ પર રહ્યો. પ્રીમિયર એનર્જી લિમિટેડનો પ્રારંભિક જાહેર ઓફર એટલે કે IPO આજે ખુલી ગયો છે. રોકાણકારો આ IPO માટે ૨૯ ઓગસ્ટ સુધી બિડ કરી શકે છે. કંપનીના શેર ૩ સપ્ટેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. આ પહેલા ગઈકાલે એટલે કે ૨૬મી ઓગસ્ટે સેન્સેક્સ ૬૧૧ પોઈન્ટના વધારા સાથે ૮૧,૬૯૮ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ ૧૮૭ પોઈન્ટ વધીને ૨૫,૦૧૦ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૧ ઉપર અને ૯ ડાઉન હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૩ ઉપર અને ૧૭ ડાઉન હતા. PSU બેન્ક અને નિફ્ટી મીડિયા સિવાયના તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઉપર હતા.



## માર્કેટયાર્ડના ભાવ

| અમરેલી (શાકભાજી) | | | | | |
|---|---|---|---|---|---|
| બટેટા | ૩૧૦ | ૫૧૦ | મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ | ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ | ડુંગળી સૂકી | ૬૦૦ | ૭૫૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ | લસણ સૂકું | ૨૫૦૦ | ૪૦૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ | લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૬૦૦ | ૧૮૦૦ | પાલક | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ | **સાવરકુંડલા** | | |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૪૧ |
| કરેલા | ૧૫૦ | ૨૦૦ | તલ કાળા | --- | ૩૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ | કપાસ | ૧૩૯૦ | --- |
| મુળા | ૪૦૦ | ૫૦૦ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૮૬ |
| કાકડી | ૨૫૦ | ૩૦૦ | ઘઉં ટુકડા | --- | ૬૨૯ |
| ગુવાર | ૬૦૦ | ૮૦૦ | બાજરો | ૪૦૦ | ૪૭૧ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ | ચણા | ૧૩૦૩ | ૧૪૦૧ |
| ચોળાલીલાં | ૩૦૦ | ૪૦૦ | તુવેર | ૧૭૦૦ | --- |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ | **મહુવા** | | |
| ભીંડો | ૧૫૦ | ૨૫૦ | બાજરી | ૪૪૦ | ૫૧૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ | ઘંઉ ટુકડા | ૫૪૦ | ૬૫૪ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ | ચણા | ૧૩૫૦ | ૧૫૦૧ |
| મેથીભાજી | ૨૫૦૦ | ૩૦૦૦ | તલ સફેદ | ૧૨૭૫ | ૨૪૩૧ |
| ફુદીનો | ૯૦૦ | ૧૦૦૦ | તુવેર | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ | ડુંગળી લાલ | ૧૭૨ | ૭૭૬ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ | ડુંગળી સફેદ | ૨૦૧ | ૪૫૨ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૫૦ | કપાસ | ૧૨૬૨ | ૧૨૬૨ |
| | | | નાળીયેર | ૪૭૩ | ૧૯૫૦ |

# દેશમાં ૧૦ વર્ષમાં ૫૩ કરોડ જન ધન ખાતા

નવીદિલ્હી, તા. ૨૮

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ૧૦ વર્ષ પહેલા ૨૮ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન ધન યોજના સંપૂર્ણ રીતે સફળ રહી છે. હાલમાં દેશમાં ૫૩.૧૩ કરોડ જન ધન ખાતા છે. લગભગ ૨.૩ ટ્રિલિયન રૂપિયા ત્યાં પડ્યા છે. નાણામંત્રીએ કહ્યું કે આમાંથી લગભગ ૮૦ ટકા ખાતા સક્રિય છે. ઉપરાંત, ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, આ ખાતાઓની સરેરાશ બેલેન્સ ૪૩૫૨ રૂપિયા થઈ ગઈ છે, જે માર્ચ ૨૦૧૫માં ૧,૦૬૫ રૂપિયા હતી. નિર્મલા સીતારમણે જાહેરાત કરી હતી કે આ નાણાકીય વર્ષમાં લગભગ ૩ કરોડ જનધન ખાતા ખોલવામાં આવશે. પ્રધાનમંત્રી જન ધન યોજનાની ૧૦મી વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે આ યોજનાએ કોવિડ રોગચાળા દરમિયાન સરકારને ઘણી મદદ કરી. તેનાથી મહિલાઓને પણ ઘણો ફાયદો થયો છે. આ ખાતાઓમાં ઝીરો બેલેન્સ અને મિનિમમ બેલેન્સ જાળવવાની કોઈ જવાબદારી નથી. આમ છતાં માત્ર ૮.૪ ટકા ખાતાઓમાં જ ઝીરો બેલેન્સ છે. આ યોજનાનો સૌથી વધુ ફાયદો ગામડાઓ અને શહેરોમાં રહેતા લોકોને થયો છે. આ વિસ્તારોમાં લગભગ ૬૬.૬ ટકા જનધન ખાતા ખોલવામાં આવ્યા છે.

# સારા ચોમાસાને કારણે મોંઘવારી નિયંત્રણમાં આવશે અને લોન સસ્તી થશે

(એ.આર.એલ), મુંબઈ, તા. ૨૮

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે આ મહિનાની શરૂઆતમાં મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. આ સમય દરમિયાન, તેમણે કહ્યું હતું કે આ વર્ષે સારા ચોમાસાને ધ્યાનમાં રાખીને, ખરીફ વાવણીમાં સુધારો, નદીઓ અને તળાવોના સ્તરમાં વધારો અને રવિ સિઝનમાં વધુ સારા ઉત્પાદનની સંભાવના, આગામી સમયમાં ખાદ્ય મોંઘવારી સામાન્ય થઈ શકે છે.

રાજ્યપાલના આ નિવેદનથી દેશના સામાન્ય લોકોને મોટી આશા જાગી છે. વાસ્તવમાં, જો ફુગાવો ઘટશે તો આરબીઆઈ ચોક્કસપણે રેપો રેટમાં ફેરફાર કરીને તેમાં ઘટાડો કરશે. જો રેપો રેટમાં ઘટાડો થશે તો દેશની તમામ બેંકો હોમ લોન, કાર લોન જેવી મોટી લોન સસ્તી કરશે એટલે કે તેઓ તેમના વ્યાજદરમાં ઘટાડો કરશે. આનાથી સામાન્ય લોકોની ઈએમઆઈ ઘટશે અને તેની સીધી અને સકારાત્મક અસર બચત પર પડશે.

ચોમાસું કેવી રીતે મોંઘવારીને નિયંત્રિત કરે છે. શું ચોમાસું માત્ર ફુગાવાને નિયંત્રિત કરે છે કે પછી તે દેશની અર્થવ્યવસ્થા અને જીડીપીને પણ અસર કરે છે? જો ચોમાસું અર્થતંત્રને અસર કરે છે તો તે કેવી રીતે કરે છે? ભારતમાં હાલમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ચાલી રહ્યું છે. સામાન્ય રીતે આ ચોમાસું જૂનમાં શરૂ થાય છે અને સપ્ટેમ્બર સુધી ચાલુ રહે છે. આ એવો સમય છે જ્યારે દેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ઘણી વખત, ઘણા જિલ્લાઓ અને રાજ્યોમાં, આ સમયગાળા દરમિયાન એટલો વરસાદ થાય છે કે ત્યાં પૂર જેવી સ્થિતિ સર્જાય છે. જો કે, આ ચોમાસામાં એવી ઘણી જગ્યાઓ છે જ્યાં પૂરતો વરસાદ થયો નથી.

જો જોવામાં આવે તો દર વર્ષે સમગ્ર દેશમાં આ ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવે છે. જ્યારે સામાન્ય લોકો ગરમીથી રાહત મેળવવા માટે ચોમાસાની રાહ જુએ છે, ત્યારે દેશના કરોડો ખેડૂતો સારી ખેતી અને ઉપજ માટે ચોમાસાની આતુરતાથી રાહ જુએ છે. આટલું જ નહીં, દેશમાં કોઈ પણ સરકાર સત્તા પર હોય, દરેકની નજર ચોમાસા પર ટકેલી હોય છે. ખરેખર, ચોમાસાની આપણા દેશની જીડીપી અને અર્થવ્યવસ્થા પર સીધી અસર પડે છે.

## શબ્દ સંજોગ-૧૮૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | ૪ | | ■ |
| | ■ | ૫ | ૬ | | | | ■ | ૭ |
| ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | | ■ | |
| ■ | ૧૧ | ૧૨ | | ૧૩ | ■ | ■ | ૧૪ | |
| ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | ■ | | ■ |
| ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ |
| | ■ | ૨૨ | | | ■ | ૨૩ | ■ | |
| ૨૪ | ૨૫ | | | ■ | ■ | ૨૬ | ૨૭ | |
| ■ | ૨૮ | | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી :**
(૧) માગશર સુદ એકાદશી એટલે કઈ એકાદશી ?(૩)
(૩) પતિની--- વગર એક ડગલું પણ ન ભરતી પત્ની વખત આવે રણચંડી પણ બની શકે છે (૩)
(૫) વહુના માથે તો---કામો હોય જ છે (૫)
(૮) મેડિટેશન, મેળાપ, અવસર (૨)
(૧૦) ધૈર્યવાન (૨)
(૧૧) સામયિકની વાર્ષિક ભરાતી રકમ (૪)
(૧૪) --- સ્ત્રીઓ ઘરખર્ચનું સુંદર આયોજન કરે છે (૨)
(૧૫) સાંજનું ભોજન કરો અંગ્રેજીમાં (૩)
(૧૬) હાડકું (૨)
(૧૮) બાટલીનો બૂચ (૨)
(૧૯) જાત (૩)
(૨૦) નેઈલ પોલિશ આને રંગે (૨)
(૨૨) એક પક્ષી (૩)
(૨૪) લગ્ન પૂર્વે---- તૈયારીઓ ચાલતી હોય છે (૪)
(૨૬) શબ્દોનો---- મારવામાં સાસુને કોઈ ન પહોંચે (૩)
(૨૮) મૃત્યુ (૩)
(૨૯) એક નદી (૪)

**ઉભી ચાવી :**
(૧) કાળી માટીનો નાનો ગોળ ઘાટનો છાશ ભરવાનો ઘડુલો (૩)
(૨) --- દાઝી પણ ખીચડી તો ખાધી (૨)
(૩) સ્વાર્થ સાધવા તો સૌ આવે, ખરે ટાઈમ આવે તે જ-- સાચો (૩)
(૪) માતા (૩)
(૬) આ મટે એટલે વૈદ પણ વેરી લાગે (૩)
(૭) સ્ત્રીઓનું એક ઘરેણું (૩)
(૯) ગળા પર નાખવાનો પટ્ટો (૪)
(૧૨) ત્રણ ફૂટ જેટલું માપ (૨)
(૧૩) એક દેવી (૪)
(૧૪) જે કર ઝૂલાવે પારણુ, તે જગ પર ---- કરે (૩)
(૧૫) ગરીબો માટેનું અન્નક્ષેત્ર (૪)
(૧૭) બીક (૨)
(૧૯) પ્રેમ---ની જાણ, વહેલી મોડી મા-બાપને થયા વગર રહેતી નથી (૪)
(૨૧) વહુના કામકાજમાં ---- કરવી એ જાણે સાસુમાંનો જન્મસિધ્ધ હક છે (૪)
(૨૨) ચામડાનું કામ કરનાર જાતિ (૩)
(૨૩) પારકી----માં કદાપી ન પડવું (૩)
(૨૫) ઘાતકી, ક્રૂર લોકો બાળકીના શરીર પર--- દેતાં અચકાતાં નથી (૨)
(૨૭) તાકાત (૨)

## શબ્દ સંજોગ-૧૮૫૮ જવાબ

**આડી ચાવી:** (૧) અવધિ (૩) અપકાર (૬) વડી (૭) ભાનુ (૮) ગણના (૧૧) ભવાડો (૧૩) જાન (૧૫) વાલ (૧૬) પગથી (૧૭) સોમલ (૧૯) સર (૨૧) નોમ (૨૨) રમણ (૨૪) હકાર (૨૭) સારો (૨૯) થોથ (૩૦) દડમજલ (૩૧) ભવ્ય.

**ઊભી ચાવી:** (૧) અવરોધ (૨) વડી (૩) અનુભવ (૪) કાગડો (૫) રણ (૯) નાતાલ (૧૦) સજાગ (૧૨) વારસો (૧૪) નથી (૧૫) વાલમ (૧૬) પરમ (૧૮) મનોરથ (૧૯) સરહદ (૨૦) ગ્રહ (૨૩) ણસામ (મસાણ) (૨૫) કાથો (૨૬) વાયવ્ય (૨૮) રોજ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભારે પવનનાં કારણે જિલ્લામાં જુદી-જુદી જગ્યાએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરાઈ**



અમરેલી, તા.૨૮

જિલ્લામાં વરસાદી પરિસ્થિતિમાં ભારે પવનનાં કારણે ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. જેની જાણ લોકોએ ડિજિટલ માધ્યમથી તંત્રને કરતા તેનો હલ થયો હતો. અમરેલી શહેરનાં બાયપાસ પર એક વૃક્ષ ધરાશાયી થયું હોવાનો મેસેજ સોશ્યલ મીડિયા મારફતે ડિઝાસ્ટર મેનેજમેન્ટને મળ્યો હતો. જેની જાણ થતાં જ તુરંત જ વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. સાવરકુંડલાનાં મણીનગર વિસ્તારમાં એક મકાન પર વૃક્ષ પડવાની ઘટના બની હતી. આ વૃક્ષને પણ તંત્ર દ્વારા હટાવવામાં આવ્યું હતું.

સાવરકુંડલા-મહુવા રોડ પર એક વૃક્ષ ધરાશાયી થતાં થોડા સમય માટે રસ્તો બંધ થયો હતો. વૃક્ષ હટાવાતા વાહન વ્યવહાર પુનઃ શરૂ થયો હતો. રાજુલા વિજપડી રોડ પર પણ એક વૃક્ષ ધરાશાયી થયું હતું જેને તંત્ર દ્વારા હટાવાયુ હતું.

# અમરેલી જિલ્લામાં એકંદરે મેઘવિરામ : કુંકાવાવમાં ૧ ઈંચ વરસાદ

**આગામી ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં ભારે વરસાદની આગાહી**



અમરેલી, તા.૨૮

ભારે વરસાદની આગાહી વચ્ચે અમરેલી જિલ્લામાં દિવસ દરમ્યાન છુટાછવાયાં ઝાપટા વચ્ચે એકંદરે મેઘવિરામ થયો હતો. કુંકાવાવમાં ૧ ઈંચ, જયારે ખાંભા અને જાફરાબાદમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. બાકીનાં તાલુકાઓમાં વરસાદે વિરામ લીધો હતો. અમરેલી શહેરમાં પણ મોડી સાંજે એક જોરદાર ઝાંપટું પડયું હતું. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક દરમ્યાન તેજ પવન સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તંત્ર દ્વારા લોકોને બિનજરુરી બહાર ન નીકળવા સલાહ આપવામાં આવી છે. ભારે વરસાદનાં પગલે જળાશયોમાં નવા નીરની આવક થતાં ખોડિયાર અને સુરવો ડેમ ઓવરફ્લો થયા છે.

# જાફરાબાદમાં ૩ નંબરનું સિગ્નલ, ૭૦૦ બોટ કિનારે લાંગરાઈ

જાફરાબાદ, તા.૨૮

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સંજોગોમાં અમરેલીના જાફરાબાદના દરિયામાં હાઈટાઈડની સ્થિતિ જોવા મળી રહી છે. જાફરાબાદના દરિયામાં મોટા મોજા ઉછળી રહ્યા છે તેનું રૌદ્ર સ્વરૂપ સૌ કોઈને ડરાવી રહ્યું છે. પવનની ગતિ પણ તેજ જોવા મળી રહી છે. સરકારી તંત્ર દ્વારા આ સ્થિતિમાં માછીમારોને દરિયો ન ખેડવાની સૂચનાઓ પણ આપવામાં આવી હોવાથી જાફરાબાદના દરિયા કિનારે ૭૦૦ જેટલી બોટ લાંગરવામાં આવી છે, તેવું ખારવા સમાજ બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું હતું. જાફરાબાદનાં બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને એલર્ટ કરવામાં આવ્યા છે. જેના કારણે બોટોને કિનારે લાંગરી દેવાઈ છે.

# તુલસીશ્યામમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી: હજારો શ્રદ્ધાળુઓએ માણ્યો શ્યામ જન્મોત્સવ

તુલસીશ્યામ, તા. ૨૮

ગીર જંગલના મધ્યે આવેલા પ્રખ્યાત તુલસીશ્યામ મંદિરે જન્માષ્ટમી નિમિત્તે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉત્સવમાં અંદાજે ૨૫,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. મંદિર ટ્રસ્ટના મેનેજર ચિરાગભાઈ ગોંડલીયાએ જણાવ્યું હતું કે, રાત્રે ૧૨ વાગ્યે શ્યામ ભગવાનનો જન્મોત્સવ ઉજવાયો, જ્યાં ભગવાનને સોનાનો મુગટ અને હાર પહેરાવી વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. ફટાકડા, અબીલ-ગુલાલ અને વરસાદ વચ્ચે 'જય કનૈયા લાલ કી'ના નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ વર્ષે વરસાદ હોવા છતાં અભૂતપૂર્વ સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. લગભગ



તસવીર : ગોપાલ રાઠોડ

૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. વિશેષ રૂપે, કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેના કારણે દૂર રહેતા ભક્તો પણ ઘરે બેઠા દર્શનનો લાભ લઈ શક્યા હતા. પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. ટ્રસ્ટી મંડળે આ સફળ આયોજન માટે ડીએસપી સોમનાથ જાડેજા, વન વિભાગના એસીએફ રાજદીપસિંહ ઝાલા, ગીર ગઢડા પોલીસ સ્ટાફ, શ્યામ ગ્રુપ અને અન્ય સ્વયંસેવકોનો આભાર માન્યો હતો.

# ખેત ધિરાણ પર રાજય સરકારની સબસિડી ન મળતા ખેડૂતો હેરાન પરેશાન

**છેલ્લા ૨ વર્ષથી રાજય સરકારની વ્યાજ સહાય મળવાની બાકી**

અમરેલી, તા.૨૮

ખેડૂતનાં હિતમાં રૂા.૩ લાખ સુધીના ખેત ધિરાણ પર કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ૦ ટકાના વ્યાજના દરથી વ્યાજ લોન આપવામાં આવે છે. રેગ્યુલર ધિરાણ ભરનાર ખેડૂતોના ખાતામાં ૭ ટકા વ્યાજ સહાય જમા થતી હોય છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા વ્યાજ સહાય જમા થાય છે પરંતુ રાજય સરકાર દ્વારા મળતી વ્યાજ સહાય છેલ્લા ૨ વર્ષથી ખેડૂતોનાં ખાતામાં જમા ન થતાં ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. મોટા ભાગની રાષ્ટ્રીયકૃત બેંકોમાં વારંવાર આવી ફરિયાદો પણ જોવા મળતી હોય છે. આ અંગે તાત્કાલિક ખેડૂતોને વ્યાજ સહાય ચૂકવવામાં આવે તેવી રજૂઆત ગુજરાત ભારતીય કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.

# ધારી ખોડિયાર ડેમ ખાતે નવા નીરના વધામણા કરતા સાંસદ અને ધારાસભ્યો


**ટીમે આંબરડી સફારી પાર્કની પણ મુલાકાત કરી અને નિરીક્ષણ કર્યુ**




ધારી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં સ્થિત ખોડિયાર ડેમ અને સફારી પાર્કની મુલાકાત લેવા માટે સાંસદ ભરતભાઈ સુતરીયાના નેતૃત્વમાં એક ઉચ્ચસ્તરીય ટીમ પહોંચી હતી. આ ટીમમાં દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડિયા અને મહેશભાઈ કસવાલા સહિત ભારતીય જનતા પાર્ટીના અન્ય આગેવાનો સામેલ હતા. મુલાકાત દરમિયાન, ટીમે ખોડિયાર ડેમમાં નવા આવેલા પાણીનું નિરીક્ષણ કર્યું અને તેના વધામણાં કર્યા. આ ઉપરાંત, તેમણે સફારી પાર્કની પણ મુલાકાત લીધી અને વિસ્તારની પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું. ટીમે સ્થાનિક ખોડિયાર માતાજીના મંદિરે દર્શન પણ કર્યા. આ મુલાકાત દરમિયાન ફોરેસ્ટ વિભાગ અને ઈરિગેશન વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની રન-વે પાસેની ૧૫ ફૂટ ઊંચી વોલ તૂટી



રાજકોટ, તા.૨૮

રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એક વર્ષમાં વિવાદમાં આવી ગયું છે. એરપોર્ટની અગાઉ કેનોપી તૂટી પડી હતી અને હવે દીવાલ પડી છે. આ ઘટના બનતાં એરપોર્ટ ઓથોરિટીની આબરૂના ધજાગરા ઉડી ગયા હોય તેવો ઘાટ સર્જાયો છે. એટલું જ નહીં, વરસાદને કારણે એરપોર્ટની દીવાલ તૂટી પડી છે, તે દીવાલ રન-વેથી ખૂબ જ નજીક છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ફ્લાઈટ જ્યાંથી ઉડાન ભરે છે, તે રન-વેની બોર્ડર પરની ૧૫ ફૂટની દીવાલ સોમવારે ધરાશાયી થઈ ગઈ હતી એક વર્ષ પહેલા જ નિર્માણ પામેલા ઈન્ટરનેશનલ એરપોર્ટનું કામ કેટલું નબળું કરવામાં આવ્યું છે. ધોધમાર વરસાદ વચ્ચે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રન-વે પાસેની બોર્ડરની દીવાલનો મસમોટા ભાગ ધરાશાયી થઈ ગયો હતો અને તેને કારણે નાસભાગ મચી ગઈ હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.


**//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//**

જન્મ નોંધ અરજી રજી.નં.૩૭/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી ડાહ્યાભાઈ પુનાભાઈ પટેલ
રહે. ક્રાકચ, તા. લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલ દવે.
દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા, અમરેલી

**સામાવાળા :-** તલાટી-કમ-મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પુંજાપાદર, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પુંજાપાદર ગામના રહીશ શ્રી ડાહ્યાભાઈ પુનાભાઈ પટેલ એ તેમની પુત્રીનો જન્મ પુંજાપાદર મુકામે તા. ૧૬/૦૯/૧૯૭૦ રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ડાહ્યાભાઈ પુનાભાઈ પટેલ તેમની પુત્રી ચન્દ્રીકાબેન ડાહ્યાભાઈ પટેલ જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૦ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામા આવશે.
આજ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**


**ગીરગઢડાના ઉમેદપરાથી પીછવી ગામ વચ્ચે રસ્તા પર**

# બાઈક સ્લીપ થતા બે યુવાનોને ગંભીર ઈજા થતાં એકનું સારવાર દરમિયાન મોત

ઉના, તા.૨૮

ગીરગઢડાના ઉમેદપરાથી પીંછવી ગામ વચ્ચે બાઈક સ્લીપ થતા ડબલ સવારીમાં બાઈક ચાલક તેમજ પાછળ બેઠેલ બન્ને ભાઈઓને માથાનાં ભાગે ગંભીર ઈજા થઈ હતી. જેમાં એકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે બીજા યુવાનને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામા આવેલ છે. પીછવી ઉમેદપરા વચ્ચે રસ્તા પર ડબલ સવારીમાં બે યુવાનો લાલજીભાઈ દાદુભાઈ ગોહિલ તથા પાછળ બેઠેલ વિનોદભાઈ ઉર્ફે વનરાજ દાદુભાઈ ગોહિલ બંને ભાઈઓ ગીરગઢડાથી પોતાના ઘરે એભલવડ ગામે જતા હતા. એ વખતે રસ્તા પર આવેલ મેલડી માતાજીના મંદિર પાસે પહોંચતા લાલજીભાઈની બાઈક Gj૩૨ F૬૨૭૪ સ્લીપ થતા બંને ભાઈઓને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.

# સાવરકુંડલાના દરબારગઢમાં જૂની પોલીસ ચોકીની જર્જરિત દીવાલ પડી

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં સિઝનનો ફક્ત ૭ ઈંચ વરસાદ પડેલ છે ત્યારે દરબારગઢમાં આવેલ જૂની પોલીસ ચોકીની જર્જરીત દીવાલ પડી ગઈ હતી, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. હવે શહેરીજનોની માગણી છે કે, ભવિષ્યમાં કોઈને જાનહાનિ ન થાય તે માટે બાકીની દીવાલ પણ ઉતારી લેવી લેવી જોઈએ. જયારે આખા ગુજરાતમાં હાઈ



તસવીર : સૌરભ દોશી

એલર્ટ છે ત્યારે સાવરકુંડલામાં વધારે પડતા વરસાદથી કે આ દીવાલની બાજુમાં જાહેર શૌચાલય આવેલું હોવાથી ત્યાં દિવસ દરમ્યાન ઘણા લોકોની અવરજવર રહેતી હોય છે. આથી જો આ દીવાલ પડે તો મોટી દુર્ઘટના બની શકે છે તેવો ભય શહેરીજનોને સતાવી રહ્યો છે.


**//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//**

જન્મ નોંધ અરજી રજી.નં.૪૧/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી નનુભાઈ ધનજીભાઈ ભુવા
રહે. ગોઢાવદર, તા.લીલીયા, જી. અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી હંસા ડી. મકાણી
૧, કેશવ કોમ્પલેક્ષ, બીજો માળ, માર્કેટ યાર્ડ રોડ, હોટલ અવધની બાજુમાં, અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી-કમ-મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગોઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગોઢાવદર ગામના રહીશ શ્રી નનુભાઈ ધનજીભાઈ ભુવા એ તેમની પુત્રી નો જન્મ ગોઢાવદર મુકામે તા.૧૫/૦૯/૧૯૬૬ રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી નનુભાઈ ધનજીભાઈ ભુવાએ તેમની પુત્રી શ્રી રેખાબેન નનુભાઈ ભુવા ની જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૬ થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામા આવશે.
આજ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

**-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના //-**

કેસ -નં.૯૧/૨૦૨૪

અરજદાર ..........શ્રી સોલંકી રૈયાબેન પરબતભાઈ
રે. નાથળ, તા. ઉના

**વિરૂધ્ધ**
.સામાવાળા ....... જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. નાથળ, તા. ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નાથળ ગામના રહીશ શ્રી સોલંકી રેયાબેન પરબતભાઈએ તેઓના પુત્રશ્રી સોલંકી બાલુભાઈ પરબતભાઈ જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૮૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૧૩/૦૮/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ**
**મેજિસ્ટ્રેટ, ઉના**

**મે. શ્રી લાઠીના તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. લાઠી**

ફો.પ.અ.નં. ૨૩/૨૦૨૪

અરજદાર :- આદ્રોજા મધુભાઈ બાવાભાઈ ઉ.વ. ૭૦, ધંધો ખેતીકામ
ધર્મે હિન્દુ /પટેલ રહે. મતિરાળા
અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા રહે. લાઠી

**વિરૂધ્ધ**

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

સામાવાળા :- **જન્મ મરણ નોંધણી અધિકારી -ત.ક.મ, મતિરાળા ગ્રામ પંચાયત કચેરી**

આથી તમામ લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છેકે, ઉપરોકત અરજદાર લાઠી તાલુકાના મતિરાળા ગામના રહેવાસી છે. અને અરજદાર પોતે આદ્રોજા મધુભાઈ બાવાભાઈની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે આદ્રોજા મધુભાઈ બાવાભાઈ નો જન્મ જે તે સમયે અમારા નિવાસ સ્થાન મતિરાળા, તા. લાઠી, જી. અમરેલી મુકામે જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૫૪ના રોજ થયેલ છે જે તે સમયે તેમની જન્મ નોંધણી કરાવેલ ન હોય જેથી આ જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે જાતે અથવા મુખત્યાર મારફત અથવા વકીલ મારફત હાજર અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૯/૯/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ :- લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ:- ૧૨/૮/૨૦૨૪** — **મેજીસ્ટ્રેટ કચેરી**

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. નાના રાજકોટ**

ફો.પ.અ.નં. ૨૦/૨૦૨૪

અરજદાર :- ગોલીતર વાલાભાઈ વાઘાભાઈ ઉ.વ. ૪૫, ધંધો મજુરી કામ
ધર્મે હિન્દુ /ભરવાડ રહે. નાના રાજકોટ
રે. લોન કોટડા, તા.બાબરા, જિ.અમરેલી
અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા રહે. લાઠી

**વિરૂધ્ધ**

**// જાહેર નોટીસ //**
(મરણનાં દાખલા માટે)

સામાવાળા:- **જન્મ મરણ નોંધણી અધિકારી ત.ક.મ, નાના રાજકોટ ગ્રામ પંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે ઉપરોકત અરજદારના પિતાજી નાના રાજકોટ ગામના રહેવાસી છે. અરજદાર ના પિતાજી ગોલીતર વાઘાભાઈ કાળાભાઈ ની મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પિતાજી ગોલીતર વાઘાભાઈ કાળાભાઈ ની મરણ જે તે સમયે નાના રાજકોટ મુકામે મરણ તારીખ ૦૧/૧૧/૧૯૮૫ ના રોજ થયેલ છે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૧૯/૯/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ :- લાઠી** — **શીરીસ્તેદાર ઓફ ગઢડા તાલુકા**
**તારીખ:- ૧૨/૮/૨૦૨૪** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

# દેશમાં દરરોજ થાય છે ૮૬ દુષ્કર્મ, ૧૦ રાજ્ય મહિલાઓ માટે 'અસુરક્ષિત'

(જી.એન.એસ)નવી દિલ્હી,તા.૨૮

મહિલાઓ સાથે અત્યાચારના કેસની સંખ્યાઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. આ મામલામાં કાયદો તો બદલાઈ ગયો છે પરંતુ સ્થિતિમાં કોઈ જ સુધારો થયો નથી. તેની સાક્ષી પૂરી રહ્યા છે દરરોજ ૮૬ દુષ્કર્મના બનાવ. ત્યારે કયા રાજ્યો મહિલાઓ માટે અનસેફ છે?. છેલ્લાં ૧૪ વર્ષમાં દુષ્કર્મની કેટલી ઘટનાઓ સરકારી ચોપડે નોંધાઈ? ભારતમાં દર કલાકે ૩ મહિલાઓ દુષ્કર્મનો શિકાર, દુષ્કર્મના ૯૬%થી વધુ કેસમાં આરોપી મહિલાના જાણીતા હોય છે અને દુષ્કર્મના ૧૦૦માંથી ૨૭ આરોપીઓને જ થાય છે સજા. આ ત્રણ આંકડા દર્શાવે છે કે ભારતમાં કડક કાયદો હોવા છતાં આપણા દેશમાં દુષ્કર્મની ઘટનામાં ઘટાડો પણ થઈ રહ્યો નથી અને સજાનો દર પણ વધી રહ્યો નથી. કેન્દ્ર સરકારની એજન્સી NCRBના આંકડા દર્શાવે છે કે ભારતમાં વર્ષે મહિલાઓ સામે અત્યાચારના ૪ લાખથી વધારે કેસ નોંધાય છે. મહિલાઓ સામે



અત્યાચારનો ઉલ્લેખ એટલા માટે થઈ રહ્યો છે. કેમ કે કોલકાતામાં રેસિડેન્ટ ડોક્ટર સાથે દુષ્કર્મ અને તેની હત્યાના મામલાએ આખા દેશને ધ્રૂજાવી દીધો છે. આ મામલે માત્ર કોલકાતા જ નહીં પરંતુ દેશના અનેક શહેરોમાં પ્રદર્શન થઈ રહ્યા છે. રાજસ્થાનમાં ૫૩૯૯ કેસ, ઉત્તર પ્રદેશમાં ૩૬૯૦ કેસ, મધ્ય પ્રદેશમાં ૩૦૨૯ કેસ, મહારાષ્ટ્રમાં ૨૯૦૪ કેસ, હરિયાણામાં ૧૭૮૭ કેસ, ઓડિશામાં ૧૪૬૪ કેસ, ઝારખંડમાં ૧૨૯૮ કેસ, છત્તીસગઢમાં ૧૨૪૬ કેસ, દિલ્લીમાં ૧૨૧૨ કેસ, અસમમાં ૧૧૧૩ કેસ નોંધાયા હતા. આંકડા દર્શાવે છે કે દુષ્કર્મના મોટાભાગના મામલામાં જે આરોપી હોય છે તે પીડિતાની ઓળખાણમાં જ હોય છે.

# બંગાળમાં બંધના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત, ઘણી જગ્યાએ અથડામણ

(એ.આર.એલ),કોલકતા,તા.૨૮

પશ્ચિમ બંગાળમાં એક તાલીમાર્થી ડૉક્ટર પર કથિત બળાત્કાર અને હત્યા સામે સમગ્ર દેશમાં ગુસ્સો છે. દરમિયાન, ગઈકાલે અનેક સ્થળોએ પોલીસ સાથે ઘર્ષણ થયું હતું કારણ કે વિરોધીઓએ રાજ્ય સચિવાલય 'નબન્ના' સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. કોલકાતા અને હાવડાની શેરીઓમાં મોટા પાયે હિંસા થઈ હતી. રાજ્યભરમાં ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેના વિરોધમાં ભાજપના બંગાળ



**રાજ્યભરમાં ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી**

એકમના પ્રમુખ સુકાંત મજુમદારે આજે ૧૨ કલાકના 'બંગાળ બંધ'નું એલાન આપ્યું હતું જે દરમિયાન હિંસાની અનેક ઘટનાઓ બની હતી 'બંગાલ બંધ' દરમિયાન પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ ડૉ. સુકાંત મજુમદાર વિરોધમાં રસ્તા પર બેસી ગયા હતાં અને સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતાં. પરંતુ ભાજપે આજે બંધનું એલાન આપ્યું છે. તેમને ન્યાય જોઈતો નથી, તેઓ માત્ર બંગાળને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મમતા બેનર્જીએ કહ્યું, 'અમે આ બંધને સમર્થન આપતા નથી. ભાજપે ક્યારેય યુપી અને મણિપુરના સીએમના રાજીનામાની માંગ કરી નથી. અમે ગઈકાલની (નબાન્ના પ્રચાર રેલી)ની તસવીરો જોઈ, પરિસ્થિતિને સારી રીતે સંભાળવા બદલ હું પોલીસને સલામ કરું છું.

# મહિલાઓ વિરુદ્ધ અત્યાચાર સહન નહી થાય, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

નવીદિલ્હી,તા.૨૮

કોલકાતા ડોક્ટર રેપ અને હત્યા મામલે દેશભરમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આજે ભાજપ દ્વારા કોલકાતા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ મામલે બીજેપી દ્વારા બંગાળ પોલીસ અને મમતા સરકાર સામે પીડિતાને ન્યાય મળે તે માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. આ મામલે એક તરફ સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે તો બીજી તરફ રાજકારણ પણ ગરમાઈ રહ્યુ છે. ત્યારે આ મામલે



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનો ગુસ્સો સામે આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કોલકાતામાં એક યુવાન મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના પગલે મહિલાઓ સામેના વધતા જતા ગુનાઓ અંગે પોતાની વ્યથા વ્યક્ત કરી છે. તેમણે આ અંગે રોષ ઠાલવતા કહ્યું કે બસ હવે બહુ થઈ ગયુ. મહિલાઓ વિરુદ્ધ અત્યાચાર સહન નહી થાય. હું નિરાશ અને ભયભીત છું. તેમણે ઉમેર્યુ કે આપણા સમાજને પ્રામાણિક અને નિષ્પક્ષ આત્મનિરીક્ષણની જરૂર છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના નિવેદન પર ટીએમસીએ જવાબ આપ્યો

**અમે બધા મૃત્યુદંડની તરફેણમાં છીએ પરંતુ જ્યારે ઉન્નાવ, ઉત્તરાખંડમાં થયું ત્યારે ક્યાં હતા?**

(એ.આર.એલ),કોલકતા,તા.૨૮

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કોલકાતામાં એક ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલામાં આકરી પ્રતિક્રિયા આપી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના નિવેદનમાં કહ્યું કે તેઓ આ ઘટનાથી નિરાશ અને ડરી ગયા છે. તેમણે આ અંગે જોરદાર ટિપ્પણી કરતા કહ્યું કે હવે બહુ થયું. તેણે એમ પણ કહ્યું કે તે મહિલાઓ વિરુદ્ધ થઈ રહેલા ગુનાઓથી વ્યથિત છે. હવે રાષ્ટ્રપતિના નિવેદન પર તૃણમૂલ કોંગ્રેસ તરફથી પ્રતિક્રિયા આવી છે. વાસ્તવમાં ટીએમસી નેતા



કુણાલ ઘોષે આ અંગે નિવેદન જાહેર કર્યું છે. દ્રૌપદી મુર્મુએ કહ્યું કે સમાજને પ્રામાણિક, નિષ્પક્ષ આત્મનિરીક્ષણની જરૂર છે અને પોતાને કેટલાક અઘરા પ્રશ્નો પૂછવાની જરૂર છે. કોઈ પણ સંસ્કારી સમાજ દીકરીઓ અને બહેનો પર આવા અત્યાચારને મંજૂરી આપી શકે નહીં.

આ અંગે કુણાલ ઘોષે કહ્યું કે, "રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું નિવેદન આરજી કાર હોસ્પિટલને લઈને આવ્યું છે. તેમણે તેના વિશે ચિંતા વ્યક્ત કરી છે. આરજી કાર કેસ પર, અમે કહીએ છીએ કે અમે બધા, અમારો પક્ષ, ન્યાય અને મૃત્યુદંડની તરફેણમાં છીએ. આરોપીને સજા થવી જોઈએ, પરંતુ હવે જ્યારે ઉન્નાવ, ઉત્તરાખંડમાં આ બધું થયું ત્યારે તે ક્યાં હતી? ત્યારે તમે ક્યાં હતા? ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલામાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન પર પણ ટિપ્પણી કરી છે.

# ગુજરાતમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં ૯ દિવસ બેન્ક રહેશે બંધ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૮

ઓગસ્ટ મહિનો પૂર્ણ થવાના આરે છે, ત્રણ દિવસ બાદ સપ્ટેમ્બર મહિનો શરૂ થવા જઈ રહ્યો છે. દરમહિનાની જેમ સપ્ટેમ્બર, ૨૦૨૪માં પણ અનેક ફેરફારો જોવા મળશે. ઓગસ્ટની શરૂઆતથી જ તહેવારોની સિઝન શરૂ થઈ ચૂકી છે. આગામી મહિને પણ અમુક તહેવારોના પગલે બેન્ક સહિત સરકારી સંસ્થાઓમાં જાહેર રજા જોવા મળશે. આગામી મહિને બેન્ક સંબંધિત કોઈ કામકાજ હોય તો તે



પહેલાં આરબીઆઈ દ્વારા રજાઓનું લિસ્ટ અવશ્ય ચેક કરી લેજો, જેથી ધક્કો ન થાય. આવો જાણીએ, બેન્ક હોલિડે લિસ્ટમાં કયાં દિવસે રજા છે. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪, રવિવારે સાપ્તાહિક રજા હોવાથી દેશભરમાં બેન્કો બંધ રહેશે. તે સિવાય ગણેશ ચતુર્થી, ઓણમ અને ઈદે-મિલાદની પણ રજા રહેશે. ગુજરાતમાં સપ્ટેમ્બર મહિનામાં બે બીજો અને ચોથો શનિવાર, પાંચ રવિવાર, ગણેશ ચતુર્થી અને ઈદે-મિલાદ સાથે કુલ નવ દિવસ બેન્કો બંધ રહેશે.

# અક્ષરધામ મંદિર-રામેશ્વરમ કાફે હુમલાના માસ્ટર માઈન્ડ 'ઘોરી'ની ટ્રેનો પર હુમલાની ધમકી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

બેંગલુરુમાં રામેશ્વરમ કેફે બ્લાસ્ટની યોજના ઘડનાર આતંકવાદી ફરહતુલ્લા ઘોરીનો વીડિયો સામે આવ્યા બાદ ભારતીય એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. વીડિયોમાં તે ભારતમાં હાજર સ્લીપર સેલને દેશભરની ટ્રેનો પર હુમલો કરવા માટે બોલાવી રહ્યો છે. ફરહતુલ્લા ઘોરી ટ્રેનો, પેટ્રોલિયમ પાઈપલાઈન્સ, હિંદુ નેતાઓ પર હુમલાની હાકલ કરી રહ્યો છે.





ઘોરી નામનો આતંકવાદી ભારતમાં અગાઉના હાઈ-પ્રોફાઈલ હુમલાઓ સાથે જોડાયેલો છે. આતંકવાદી ફરહતુલ્લા ઘોરી ભારતમાં સ્લીપર સેલને દેશભરની ટ્રેનો પર હુમલા કરવા માટે કહી રહ્યો છે તે વીડિયો સામે આવ્યા બાદ ભારતમાં ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. ઘોરી, એક ભાગેડુ જેહાદી જે હાલમાં પાકિસ્તાનમાં રહે છે, તેણે પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સના સમર્થનથી સ્લીપર સેલ દ્વારા બેંગલુરુમાં રામેશ્વરમ કાફેમાં બ્લાસ્ટની યોજના બનાવી હતી. વીડિયોમાં ઘોરીને બતાવવામાં આવ્યું છે, જે વર્ષોથી ભારતીય એજન્સીઓના રડાર પર છે અને ભારતમાં રેલવે નેટવર્કને પાટા પરથી ઉતારવા માટે સ્લીપર સેલ બોલાવી રહ્યો છે.

# કેનેડામાં ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફાર, વિદેશી વિદ્યાર્થીઓના ટ્રુડો વિરોધી પ્રદર્શન

(એ.આર.એલ),ટોરેન્ટો,તા.૨૮

ટ્રુડોએ કેનેડાની આંતરરાષ્ટ્રીય ઈમિગ્રેશન પોલિસીમાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. આ ફેરફારથી હવે વિદેશી વિદ્યાર્થીઓને પાર્ટ ટાઈમ નોકરી શોધવામાં મુશ્કેલીઓ ઊભી થશે. કેમ કે, હવે નોકરીઓને સ્થાનિક યુવાઓ માટે રિઝર્વ કરી દેવામાં આવી છે. ટ્રુડોના આવા નિર્ણયનો કેનેડામાંના વિદ્યાર્થીઓ ભારે વિરોધ કરીને પ્રદર્શન કરી રહ્યા છે. કહેવાય છે કે ટ્રુડોના આ નિર્ણયથી કેનેડામાંના ૭૦





હજાર કરતાં વધારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કેનેડામાંથી નિર્વાસનનું જોખમ ઊભું થયું છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પ્રિન્સ એડ્વર્ડ આઈલેન્ડ પીઈઆઈ, ઓંટારિયો, મેનિટોબા, બ્રિટિશ કોલંબિયા સહિત જુદાં જુદાં રાજ્યોમાં સભા અને રેલીઓ આયોજિત કરી રહ્યા છે. પીઈઆઈમાં ત્રણ મહિનાથી વિધાનસભા ગૃહની બહાર સેંકડો વિદ્યાર્થીઓએ ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફારને પડકારતાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ઘણાં રાજ્યોએ પીઆર નોમિનેશનમાં ૨૫ ટકાનો કાપ મૂક્યો છે. તેનાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય અસુરક્ષિત થયું છે. નિર્વાસનનો સામનો કરી રહેલા એક પૂર્વ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર, છ વર્ષ જોખમ ઉઠાવ્યા અને ટેક્સ ભર્યા બાદ કોમ્પ્રિહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ પોઈન્ટ ભેગા કર્યા છતાં સરકારે અમારો ફાયદો ઉઠાવ્યો છે.

# હરિયાણા ચૂંટણી : કોંગ્રેસમાં સંઘર્ષ પહેલા ડેમેજ કંટ્રોલ, પાર્ટીએ દિગ્ગજ નેતાઓને જવાબદારી સોંપી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૮

કોંગ્રેસ હાઈકમાન્ડ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ટિકિટોની વહેંચણી બાદ સર્જાઈ શકે તેવા સંભવિત સંઘર્ષને લઈને અત્યારથી જ ગંભીર બની ગઈ છે. પાર્ટીએ ડેમેજ કંટ્રોલ શરૂ કરી દીધો છે. હાઈકમાન્ડ પોતે રાજ્યના વરિષ્ઠ નેતાઓ સાથે એકથી એક બેઠકો કરી રહ્યું છે. સંભવિત ઉમેદવારો અંગે તેમની પાસેથી ફીડબેક પણ લેવામાં આવી રહ્યો છે. અલગ-અલગ



વિસ્તારોમાં ટિકિટની પસંદગી અંગે જે તે વિસ્તારોના મોટા નેતાઓના અભિપ્રાયને મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ટિકિટ મળ્યા બાદ નારાજ થયેલા અન્ય દાવેદારોને મનાવવાની જવાબદારી પણ તે દિગ્ગજ નેતાઓને સોંપવામાં આવી છે જેથી તેઓ ન તો અન્ય પક્ષોમાં જોડાઈ શકે અને ન તો અપક્ષ ઊભા રહી શકે. હરિયાણાની ૯૦ વિધાનસભા બેઠકો પર ૨૫૫૬ કોંગ્રેસના નેતાઓએ ટિકિટ માટે અરજી કરી છે. ઘણી સીટો પર તેમની સંખ્યા ૪૦ થી વધુ છે. હાઈકમાન્ડના આદેશ પર હરિયાણાના પ્રભારી દીપક બાબરિયા અને પ્રદેશ પ્રમુખ ઉદય ભાણે તમામ સર્કલ માટે સોર્ટિંગ અને પેનલ તૈયાર કરી છે.

# મોહન ભાગવતને મોદી જેવી જ ઝેડથી અદ્યતન સ્તરની સુરક્ષા મળશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

આરએસએસ પ્રમુખ મોહન ભાગવતની સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. તેમની સુરક્ષા શ્રેણી ઝેડ પીઆઈથી વધારીને એડવાન્સ સિક્યોરિટી લાયઝન કરવામાં આવી છે. તેમની સુરક્ષા



વ્યવસ્થા હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની જેમ જ કરવામાં આવશે. આ સંદર્ભે તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા સમીક્ષા હાથ ધરવામાં આવી હતી, જે બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ભાગવતની ઝેડ-પ્લસ સુરક્ષામાં સીઆઈએસએફના ડેપ્યુટેશન પર અધિકારીઓ અને ગાર્ડ સામેલ હતા. તે જ સમયે, દિલ્હીના સૂત્રોએ જણાવ્યું હતું કે આરએસએસ વડાને કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠનો સહિત ઘણા સંગઠનોના નિશાના પર માનવામાં આવે છે.

# ઝારખંડમાં ચંપાઈ સોરેન પર જાસૂસીના આરોપને લઈને ભાજપે તપાસની માંગ કરી

(એ.આર.એલ),રાંચી,તા.૨૮

ઝારખંડ પોલીસ દ્વારા ઝારખંડના પૂર્વ સીએમ અને હેમંત સોરેન સરકારના મંત્રી ચંપાઈ સોરેનની જાસૂસીનો ખુલાસો થયા બાદ રાજકીય ખળભળાટ મચી ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ આ મામલાની તપાસ માટે હાઈકોર્ટના જસ્ટિસની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવાની માંગ કરી છે. ઝારખંડ રાજ્ય ભાજપના




અધ્યક્ષ બાબુલાલ મરાંડીએ કહ્યું છે કે હેમંત સરકાર દ્વારા સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા ચંપાઈ સોરેનની જાસૂસી કરવી એ ગોપનીયતા અને સુરક્ષા સાથે જોડાયેલો ખૂબ જ સંવેદનશીલ મામલો છે.

# 'સ્ત્રી- ૨'ની સફળતા બાદ શ્રદ્ધા કપૂર માતા-પિતાનું ઘર છોડી હવે બીજે રહેશે?

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૮

બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર અત્યારે તેની લેટેસ્ટ ફિલ્મ 'સ્ત્રી ૨'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે. આ દરમિયાન, શ્રદ્ધા કપૂરના નવા ઘર વિશે વિગતો બહાર આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તે અક્ષય કુમારની પાડોશી બનવા જઈ રહી છે. તે હિતિક રોશનનું ઘર ભાડે રાખી શકે છે. એક અહેવાલ મુજબ, શ્રદ્ધા કપૂર અક્ષય કુમારની નવી પાડોશી બનવા જઈ રહી છે. તે



જુહુમાં હિતિક રોશનના હાલના સી-ફેસિંગ એપાર્ટમેન્ટને ભાડે રાખી શકે છે. અક્ષય કુમારનો પરિવાર પણ આ જ બિલ્ડિંગમાં લક્ઝુરિયસ ડુપ્લેક્સ એપાર્ટમેન્ટમાં રહે છે. રસપ્રદ વાત એ છે કે, અક્ષય કુમારે 'સ્ત્રી ૨'માં કેમિયો કર્યો હતો. શરૂઆતમાં એવી ચર્ચા હતી કે, વરુણ ધવન તેની પત્ની નતાશા દલાલ અને દીકરી સાથે હિતિકના એપાર્ટમેન્ટમાં શિફ્ટ થશે. પરંતુ કથિત રીતે બંને વચ્ચે ડીલ થઈ શકી નથી. હવે આ ડીલ શ્રદ્ધા કપૂર પાસે ગઈ છે. અભિનેત્રી ટૂંક સમયમાં અહીં શિફ્ટ થઈ શકે છે. 'સ્ત્રી ૨'માં માત્ર અક્ષય કુમાર જ નહીં પરંતુ વરુણ ધવને પણ કેમિયો કર્યો હતો. વરુણ ધવનની ભેડિયા પણ દિનેશ વિજનની મેડૉક અલૌકિક બ્રહ્માંડ હેઠળ આવે છે. જ્યાં વરુણ ધવન ભાસ્કર શર્માના રોલમાં જોવા મળ્યો હતો. હવે તેની સિક્વલ પણ આવશે. તે સીરિઝ ૨માં ઉમેરવામાં આવ્યું હતું. શ્રદ્ધા કપૂરે 'સ્ત્રી ૨'ના પ્રમોશન દરમિયાન ઘર વિશે વાત કરી હતી. જ્યાં તેણે જણાવ્યું કે, તે ૩૭ વર્ષની છે પરંતુ આજે પણ તે તેના આખા પરિવાર સાથે તેના માતા-પિતા સાથે એક જ ઘરમાં રહે છે. ઘણી વખત પરિવાર એવું પણ કહે છે કે તેમને પોતાનું ઘર મળવું જોઈએ. પરંતુ તે ઘર છોડવા માગતી નથી અને તેના પરિવાર સાથે રહેવા માગે છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ

(એ.આર.એલ),જમ્મુ,તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં દસ વર્ષ બાદ યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રથમ તબક્કામાં, દક્ષિણ કાશ્મીરના પુલવામા, શોપિયાં, અનંતનાગ અને કુલગામ અને ચિનાબ ખીણના કિશ્તવાડ, ડોડા અને રામબન જિલ્લાની ૨૪ વિધાનસભા બેઠકો પર ૨૮૦ નામાંકન દાખલ કરવામાં આવ્યા હતા. દક્ષિણ કાશ્મીરમાં જમાત સાથે જોડાયેલા ઘણા સભ્યોએ પણ



લોકશાહીમાં વિશ્વાસ દર્શાવતા કાગળો ભર્યા હતા. આ સાથે ૨૦૧૬ની હિંસામાં પથ્થરબાજી માટે કુખ્યાત અલગતાવાદી સર્જન બરકાતીએ પણ ચૂંટણીમાં ભાગ લીધો હતો. પીડીપી વડા મહેબૂબા મુફતીની પુત્રી ઈલ્તિજા મુફતી, આતંકવાદીઓ દ્વારા ગોળી મારનાર કિશ્તવાડના અનિલ પરિહારના પરિવારના શગુન પરિહાર, ભૂતપૂર્વ પ્રધાનો સુનીલ શર્મા અને શક્તિરાજ પરિહાર, કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખો વિકાર રસૂલ વાની અને જીએ મીર, પૂર્વ એનસી સાંસદ હસનૈન મસૂદી. સીપીઆઈ એમના નેતા, ભૂતપૂર્વ એમએલએ જીએમ સરુરીએ ઉમેદવારી નોંધાવી હતી. શનિવાર, રવિવાર અને સોમવારના દિવસે કોઈ ઉમેદવારી ન હોવાથી મંગળવાર છેલ્લો દિવસ હોવાથી ઉમેદવારી નોંધાવવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

### ઈકો કારમાં મોટી ખીલોરી ગામે સંબંધીને લેવા જઈ રહ્યા હતા ત્યારે બની ઘટના

# બાબરા તાલુકાનાં રાયપર ગામનો પરિવાર મોટી ખીલોરી પાસે પાણીમાં તણાયો : બેનાં મોત, એક લાપત્તા

ગોંડલ, તા. ૨૮

રાજયમાં છેલ્લા ત્રણ દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે જેનાં કારણે નદી-નાળાઓમાં પૂરની પરિસ્થિતિ છે અને ઘણા રાહદારીઓએ પાણીના પ્રવાહમાં જીવ પણ ગુમાવ્યાની ઘટનાઓ બની છે. આવી જ એક ઘટનામાં ગોંડલ તાલુકાના મોટી ખીલોરી પાસે કોલાપરી નદીમાં ઈકો કાર તણાઈ જતાં બે વ્યકિતઓનાં મોત થયા છે જયારે એક વ્યકિત લાપત્તા બની છે.







બાબરા તાલુકાના રાયપુર ગામના જયેશભાઈ રાદડીયા તેમના પત્ની અને પુત્ર સાથે જૂનાગઢ ખાતે સંબંધીમાં મરણના પ્રસંગે જઈ રહ્યા હતા ત્યારે મોટી ખીલોરી ખાતે રહેતાં સાઢુભાઈને સાથે લઈ જવાના હોઈ તેમને લેવા માટે જઈ રહ્યા હતા. ત્યારે કોલાપરીનાં બેઠા પુલ પરથી ઈકો પસાર થતી વખતે પાણીના પ્રવાહમાં ગાડી તણાતા અંદર બેઠેલા જયેશભાઈ પરશોતમભાઈ રાદડીયા(ઉ.વ.૪૦), સોનલબેન જયેશભાઈ રાદડીયા(ઉ.વ.૩૯) અને ધર્મેશ જયેશભાઈ રાદડીયા ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન અને એન.ડી.આર.એફ.ની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ૧૨ કલાકની જહેમત બાદ જયેશભાઈ અને સોનલબેનના મૃતદેહો સાંજે ૬ કલાકે મળી આવ્યાં હતા. જયારે પુત્ર ધર્મેશનો મૃતદેહ હજુ પણ મળ્યો નથી. જયેશભાઈના પરિવારમાં ત્રણ પુત્રીઓ અને એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. એક જ પરિવારના ત્રણ-ત્રણ વ્યકિતના મૃત્યુના સમાચાર મળતા નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો છે.

**ફોન સ્વીચ ઓફ આવતા સંબંધી ઘટના સ્થળે પહોંચ્યા**

**ગત રાત્રીના ૪ કલાકની આસપાસ જયેશભાઈએ મોટી ખીલોરી ખાતે રહેતા તેમના સબંધી (સાઢુભાઈ)ને ફોન કરી તૈયાર રહેવા જણાવ્યું હતું. ઘણો સમય થયો હોવા છતાં જયેશભાઈ ખિલોરી ન પહોંચતા તેમના (સાઢુભાઈ) રાજુભાઈને ચિંતા થઈ હતી અને તેમણે ફોન કરતા જયેશભાઈનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. કંઈક અમંગળ બન્યાના સંકેત મળ્યાં હોય તેમ રાજુભાઈ કોલાપરી નદીના બેઠા પુલ પાસે પહોંચતા તેમણે ઈકો કાર પાણીમાં પડેલી જોઈ હતી.**

# સા.કુંડલામાં મૈત્રી કરાર મુદ્દે થયેલી માથાકૂટ લોહીયાળ બની: એકનું મોત

સા.કુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં રહેતા અને હીરાકામ કરતાં રણછોડભાઈ દેવશીભાઈ ખીમાણીયા (ઉ.વ.૪૩)એ વિજયભાઈ ભાવેશભાઈ સોલંકી, ભાવેશભાઈ બાલાભાઈ સોલંકી, કેશાભાઈ બાલાભાઈ સોલંકી તથા વિક્રમભાઈ ભાવેશભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની દીકરી વિજયભાઈ સોલંકી સાથે દોઢ વર્ષ પહેલા મૈત્રી કરાર કરીને રહેતી હતી. જેથી તેમને આવરો-જાવરો નહોતો. તેમ છતાં આરોપી વિજય તેના ઘર આગળ નીકળી તેમના ભાઈ મુકેશભાઈ સામે કાતર મારતો હતો. જેથી તેને સમજાવવા જતા આરોપીઓને સારૂ નહી લાગતા આરોપી વિજયભાઈએ તેમના ભાઈ સુરેશભાઈ દેવશીભાઈ ખીમાણીયા (ઉ.વ.૩૭) વાળાને



જમણા પડખામાં છરીનો એક ઘા મારી જીવલેણ ઈજા કરી મોત નિપજાવ્યું હતું.

અન્ય આરોપીએ સાહેદ દેવશીભાઈને ડાબા ખભાના ભાગે મારી નાખવાના ઈરાદે ગંભીર ઈજા કરી હતી. ઉપરાંત તેમના ભાઈ મુકેશભાઈને પણ ડાબા ખભાના ભાગે મારી નાખવાના ઈરાદે કુહાડીથી ગંભીર ઈજા કરી હતી તથા તેમના કાકા મુકેશભાઈ (ઉકાભાઈ) કાળુભાઈ ખીમાણીયાને લોંખડની પાઈપથી માથામાં ઈજા કરતા ચાર ટાંકા આવ્યા હતા. તમામ આરોપીઓએ તેમને તથા સાહેદોને ગાળો આપી હતી.

**ગાળો આપી માર માર્યાની સામી ફરિયાદ**

**વિજય ઉર્ફે ભુરો ભાવેશભાઈ સોલંકી (ઉ.વ.૨૧)એ કમલેશભાઈ ઉર્ફે મગનભાઈ ખીમાણીયા, મુકેશભાઈ ઉર્ફે ઉકાભાઈ કાળુભાઈ ખીમાણીયા સહિત છ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તે રણછોડભાઈ ખીમાણીયીની દીકરી સાથે મૈત્રી કરાર કરી રહેતા હતા. આ બાબતનું મનદુઃખ રાખી તેમને કુહાડીનો ઘા માથામાં માર્યો હતો. તેમના ભાઈ વિક્રમભાઈ સાથે મારામારી કરી હતી. ઉપરાંત શરીરે મુંઢમાર માર્યો હતો.**

# સુરત શહેરના પાલનપુર પાટીયા પાસે મિત્ર સાથે ચાલવા નીકળેલા યુવકની હત્યા

(એ.આર.એલ),સુરત,તા.૨૮

સુરતના રાંદેર વિસ્તારમાં મરનાર ઈસમ તેના મિત્રો સાથે જમ્યા બાદ ચાલતો જઈ રહ્યો હતો. જે દરમિયાન સામેથી કેટલાક યુવકો પણ આવી રહ્યા હતા. ત્યારે મૃતક અને તેના મિત્રોની મજાક કરતા તેઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અને યુવકનું ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું. ગઈ કાલે મોડી રાત્રિએ રવિન્દ્ર નિષાદ મુકેશ પ્રજાપિત સહિત તેના



મિત્રો સાથે ચાલવા નીકળ્યો હતો. પ્રશાંત નગર સોસા.ની બહારથી તેઓ પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પંકજ ગૌસ્વામી, અંકિત પાશ્વાન, અમિત પાશ્વાન અને બીજા તેના બે મિત્રો આવી રહ્યા હતા, પંકજ અને તેના મિત્રોએ રવિન્દ્ર નિષાદ અને તેના મિત્રોની મશ્કરી કરી હતી. જેથી બંને જુથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં પંકજ અને તેના મિત્રોએ રવિન્દ્ર નિષાદ સાથે મારામારી કરી હતી અને પંકજે, મૃતક રવિન્દ્રને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. જેમાં રવિન્દ્રને ગંભીર ઘા લાગ્યા હતા અને ઘટના સ્થળે જ તેનું મોત નિપજયું હતું.

# વરસાદ રોકાતા ખેતીમાં થયેલા નુકસાન માટે સર્વે હાથ ધરાશે : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા વ્યાપક વરસાદને કારણે ખેતીક્ષેત્રે નુકસાન થવા પામ્યુ હોવાનું સ્વીકારતા કૃષિ પ્રધાન રાઘવજી પટેલે કહ્યું કે, હાલમાં વરસાદની સ્થિતિ યથાવત છે. વરસાદ રોકાઈ જાય તે બાદ, ખેતી ક્ષેત્રે થયેલા નુકસાનનો સર્વે કરવામાં આવશે. સર્વેના આધારે નુકસાન



મુજબ ખેડૂતોને આર્થિક વળતર આપવામાં આવશે. ગુજરાતમાં સર્જાયેલ વરસાદી સ્થિતિની સમીક્ષા માટે રાજકોટ આવેલા કૃષિ પ્રધાન રાઘવજી પટેલે, પત્રકારોને કહ્યું હતું કે, રાજકોટમાં પડેલા અતિભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો સહિત અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સ્થાનિક તંત્રે નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સલામત સ્થળાંતર કરાવ્યું હતું. સામાજીક સેવાભાવી સંસ્થાઓએ પણ તંત્રની મદદે આવીને ફુડ પેકેટનું વિતરણ કર્યું છે.

# ભારે વરસાદથી રાજ્યમાં આવતી જતી કુલ ૫૦ કરતાં વધુ ટ્રેન રદ, ગુજરાત એસટીની ૪૫૩૧ ટ્રિપ બંધ

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને વડોદરા શહેર અને જિલ્લામાં પૂરની સ્થિતિ ઊભી થઈ છે ત્યારે રાજ્યભરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટને ગંભીર અસર પહોંચી છે. આજે વડોદરા, આણંદ, મુંબઈ અને ભુજ તરફ જતી ૨૨ જેટલી ટ્રેનોને રદ કરવામાં આવી છે. મુંબઈ તરફ જતી તેજસ એક્સપ્રેસ, કર્ણાવતી સહિતની ટ્રેનો રદ કરાઈ છે. જ્યારે એકતાનગર એક્સપ્રેસ અને આણંદ વડોદરા મેમુ ટ્રેનો પણ રદ થઈ છે. આમ ૨૮ અને ૨૯ ઓગસ્ટની ૫૦ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી છે. ગુજરાત એસટી વિભાગના કુલ ૧૪૫૧૨ રૂટ પૈકી ૧૧૮૦ રૂટ તેમજ ૪૦૫૧૫ ટ્રિપ પૈકી ૪૫૩૧ ટ્રિપ બંધ છે. આજે વડોદરા, પાદરા, ખેડા ડેપોનું તમામ સંચાલન બંધ છે.

# લેપટોપ, આઈપેડ સુવિધાઓ આપવા જેલમાં બંધ નારાયણ સાંઈની અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૨૮

જેલમાં લેપટોપ, આઈપેડ અને કોમ્પ્યુટરનો ઉપયોગ કરવાની પરવાનગી માંગતી બળાત્કારના દોષિત નારાયણ સાંઈની અરજીને ફગાવી દેતી વખતે કોર્ટે આ ટિપ્પણી કરી હતી. કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી અરજદારની વાત છે તો તેની જેલની વર્તણૂક પણ સારી નથી. તે વારંવાર જેલમાં ગેરકાયદેસર રીતે





મોબાઈલ ફોન રાખતો અને તેનો ઉપયોગ કરતો પકડાયો છે. આ માટે જેલમાં પણ ગુના નોંધાયા છે. કોર્ટે કહ્યું કે અરજદારને મોબાઈલ ફોન, બેટરી અને તમાકુ જેવી અનધિકૃત વસ્તુઓ રાખવા બદલ એક અલગ ઉચ્ચ સુરક્ષા સેલમાં રાખવામાં આવ્યો હતો.


HONDA
The Power of Dreams

**સ્ટાફ જોઈએ છે**

સપના કરશે સાકાર

(૧) રિસેપ્શનિસ્ટ (GIRL) ..........................01
(૨) વોશિંગ (BOYS) ..........................02
(૩) સેલ્સ એક્ઝિક્યુટીવ (BOYS) ..........................02
(૪) વર્કશોપ (BOYS) ..........................03

રસ ધરાવતા વ્યકિતએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા તથા રીઝયુમ સાથે રૂબરૂ સંપર્ક કરવો.

સંપર્ક સમય:
સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦

નોંધ:
માત્ર સ્થાનિક વ્યકિત અને અનુભવીની પ્રથમ પસંદગી

**પરીખ હોન્ડા**
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી. મો.9722232322



**શ્રદ્ધાંજલિ**



સૂર્યાસ્તે સૂરજનું આથમવું એ સ્વાભાવિક છે. પણ આમ મધ્યાહને આથમવું અતિ દોહ્યલુ છે. આપનો નિર્મળ અને નિખાલસ સ્વભાવ અને સદાય હસતો ચહેરો, સૌ પ્રત્યે સમભાવ અને હંમેશ માટે સમર્પણની ભાવના... સદૈવ આપની સાથેના સંસ્મરણો અમ હૃદયમાં અંકિત રહેશે. આપના કુટુંબ પર આવી પડેલ આ અણધારી વિપત્તિ સહન કરવા પરમ કૃપાળુ પરમાત્મા બળ પ્રદાન કરી અને આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી અભ્યર્થના

**સ્વ. સામતભાઈ ખોડાભાઈ રાતડીયા**
સ્વ. તારીખ: ૨૮-૮-૨૦૨૪
ગામ-ખંભાળા, તા. બાબરા, જિ.અમરેલી

લિ.

**જેહુરભાઈ કાથડભાઈ કોઠીવાળ**
(પ્રમુખશ્રી સુખપુર સેવા સહકારી મંડળી) (ડીરેકટરશ્રી તાલુકા સહકારી સંઘ) (પ્રખુખશ્રી ક્રિષ્ના દુધ ઉત્પાદક મંડળી)

લખધીરભાઈ જેહુરભાઈ કોઠીવાળ
રણમલભાઈ જેહુરભાઈ કોઠીવાળ
નરવીરભાઈ જેહુરભાઈ કોઠીવાળ
પ્રિયાન્સભાઈ નરવીરભાઈ કોઠીવાળ
અભીજય રણમલભાઈ કોઠીવાળ



ROYAL ENFIELD

**આ જન્માષ્ટમીના પાવન અવસરે**

અમરેલી રોયલ એનફિલ્ડના ડીલર......
એશીયન વ્હીલ્સ દ્વારા રોયલ એનફિલ્ડની ગાડીની સર્વિસ પર

આપની ગાડીની સર્વિસ એપોઈન્ટમેન્ટ માટે ફોન કરો 8758047000

**ખાસ ધમાકેદાર ઓફર...**

- ૨૦ પોઈન્ટ ચેકઅપ (જનરલ ચેકઅપ)
- ઓઈલ અને ઓઈલ ફિલ્ટર ચેન્જ
- ચેન કિલનિંગ ■ વોટર વોશિંગ આ બધું...



ફક્ત RS. 1499/- માં

આ ઓફર ફક્ત તા. ૩૦-૦૮-૨૦૨૪ સુધી જ મર્યાદિત

**એશિયન વ્હીલ્સ**
સાવરકુંડલા-રાજકોટ બાયપાસ, મારૂતિ સુઝુકી શો-રૂમની બાજુમાં, અમરેલી



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

**મેડીકલ ઓફિસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-

**રિસેપ્સનિસ્ટ** (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-

**સ્વીપર** (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦

**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.